સુવિચાર
આત્મવિશ્વાસએ ઘણી મોટી મૂડી છે જેના આધારે ઘણા બધા જંગ જીતી શકાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



વાંકાનેરના જાંબુડીયા નજીક માટીની આડમાં છૂપાવેલો વિદેશી દારૂ ઝડપાયો P-4

Year-16, Issue-76 ■ DATE : 05-07-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશની ૪૦ મેડિકલ કોલેજો પર CBIના દરોડા

## ૧૩૦૦ કરોડના કૌભાંડની શંકાઃ એનએમસી અને આરોગ્ય વિભાગના ૧૧ અધિકારી સહિત કુલ ૩૬ સામે એફઆઈઆર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં તાજેતરમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ પર સીબીઆઇ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. આ જ રીતે નેશનલ મેડિકલ કમિશન અને કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગના ૧૧ અધિકારીઓ સહિત કુલ ૩૬ વ્યક્તિ સામે સીબીઆઇ દ્વારા ભ્રષ્ટાચાર બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સીબીઆઇએ ૪૦ મેડિકલ કોલેજો પર દરોડા પાડીને લાખો રૂપિયાની કેશ જપ્ત કરવામાં આવી છે. ૬ની ધરપકડ થઈ છે. મેડિકલનું સમગ્ર કૌભાંડ ૧૩૦૦ કરોડ રૂપિયાથી વધારેનું હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતના કલોલ ખાતેની સ્વામિનારાયણ મેડિકલ કોલેજના સંચાલકનું નામ પણ ફરિયાદમાં સામેલ છે.

ફાર્મસી કાઉન્સિલમાં જે પ્રમાણે કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર આવ્યું છે, તે જ રીતે મેડિકલમાં સીબીઆઇ દ્વારા તપાસ શરૂ કરવામાં આવતાં રૂપિયા લઇને કોલેજની મંજૂરી આપવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. ઉચ્ચસ્તર સુધી પહોંચેલી ફરિયાદના અનુસંધાનમાં સીબીઆઇ દ્વારા કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તર-દેશ, ન્યુ દિલ્હી, મધ્ય-દેશ અને ગુજરાતમાં દરોડા પાડયા છે. ૩૬ આરોપીઓમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૧૧ અધિકારી, નેશનલ મેડિકલ કમિશનના જોઇન્ટ ડાયરેક્ટર અને યુજી અને પીજીને મંજૂરી આપતાં બોર્ડના સિનિયર મેમ્બર ડૉ.જે. એલ. મીનાનું નામ પણ સામેલ છે. જોઇન્ટ ડાયરેક્ટર પાસેથી ૫૦ લાખ રૂપિયાની કેશ જપ્ત કરવામાં આવી છે.

એફઆરઆઇ દાખલ કરવામાં આવી છે તેમાં ગુજરાતની કલોલ ખાતેની સ્વામિનારાયણ મેડિકલ કોલેજના સંચાલક સ્વામી ભગતવાત્સલદાસજી, રાયપુર છતીસગઢના ધાર્મિક ગુરુ રવિશંકરજી મહારાજ, ચેરમેન રાવતપુરા સરકાર ઇન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ, રાયપુરનું નામ પણ સામેલ છે. સીબીઆઇની તપાસમાં નેશનલ મેડિકલ કમિશનના આઇટી વિભાગ અને યુજી-પીજી બોર્ડના અધિકારીઓ તેમજ કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીઓની સાંઠગાંઠમાં વ્યવસ્થિત રેકેટ ચલાવવામાં આવતું હોવાનું ખૂલ્યું હતું. મેડિકલ કોલેજમાં ભૂતિયા ફેકલ્ટી, અપૂરતા પેશન્ટ, માળખાકીય સુવિધાઓનો અભાવ હોવા છતાં લાખો રૂપિયાની લાંચ લઇને મેડિકલ કોલેજોને મંજૂરી આપતાં હતા.

હાલમાં સીબીઆઇ દ્વારા ૬ વ્યક્તિઓ કે જેમાં ૩ ડોક્ટરો સામેલ છે તેમની ધરપકડ કરીને રિમાન્ડ પર લઇને તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં નેશનલ મેડિકલ કમિશન અને કેન્દ્રીય આરોગ્ય વિભાગના અનેક ઉચ્ચ અધિકારીઓના નામ બહાર આવવાની શકયતા છે. એક સાથે ૪૦થી વધુ મેડિકલ કોલેજ પર સીબીઆઇના દરોડોના કારણે હાલમાં સમગ્ર દેશમાં મેડિકલ વર્તુળમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.




# ફ્લાયઓવર અને ટનલ સાથેના નેશનલ હાઈવેના ટોલમાં ૫૦% સુધીનો ઘટાડો

## ટોલ ફી વસૂલવા માટેની નવી ફોર્મ્યુલા જાહેર કરાતા લોકોને રાહતઃ ૨૦૦૮ના ફી નિયમોમાં મહત્વપૂર્ણ સુધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે પુલો, ફ્લાયઓવર અને ટનલ સહિતના બાંધકામ ધરાવતા નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રાલયે ૨૦૦૮ના નિયમોમાં મહત્વપૂર્ણ સુધારો કરાતા હવે વાહનચાલકોને મોટી રાહત મળશે. અગાઉ પુલ કે ટનલનું માળખું ધરાવતા નેશનલ હાઈવે પરનો ટોલ ટેક્સ સામાન્ય હાઈવે કરતા ૧૦ ગણો હતો જે હવે ઘટીને પાંચ ગણો થયો છે. કેન્દ્રનો આ નિર્ણય શહેરી વિસ્તારોમાં બનેલા એવા હાઈવે અથવા બાયપાસને ધ્યાનમાં રાખીને લેવાયો છે, જેનો નિર્માણ ખર્ચ ઊંચો હોય છે અને હાઈવેના ઘણાખરા ભાગ પર ફ્લાયઓવર, ટનલ, પુલ અથવા એલિવેટેડ રસ્તા સહિતનું બાંધકામ હોય છે. નેશનલ હાઈવે ઉપર જ ટોલની ગણતરી માટેની નવી ફોર્મ્યુલા જાહેર કરી છે.




નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઇ)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, પ્રવર્તમાન ટોલ ગણતરીની પદ્ધતિ નેશનલ હાઈવે પર બનાવવામાં આવતા આ પ્રકારના માળખા (ફ્લાયઓવર, ટનલ, પુલ વગેરે) સાથે જોડાયેલા ઊંચા ખર્ચને સરભર કરવા માટે ઘડાઈ હતી.

કેન્દ્રીય મંત્રાલયના ૨જી જુલાઈ ૨૦૨૫ના જાહેરનામાં મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગના એક ભાગના વપરાશ માટે ફીનો દર, જેમાં માળખું અથવા માળખાઓનો સમાવેશ થાય છે, તેની ગણતરી રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની લંબાઈમાં માળખું અથવા માળખાઓની લંબાઈના દસ ગણા ઉમેરીને કરાશે, જેમાં માળખું કે માળખાઓની લંબાઈને બાદ કરતાં, અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની કુલ લંબાઈના પાંચ ગણા ઉમેરીને, જે ઓછું હોય તે મુજબ ફીનો દર રહેશે. હાઈવે પરના સ્ટ્રક્ચરમાં સ્વતંત્ર પુલ, ટનલ કે ફ્લાયઓવર તથા એલિવેટેડ હાઈવેનો સમાવેશ થશે.

મંત્રાલયે નવા ટોલની ગણતરીનું દ્રષ્ટાંત આપતા જણાવ્યું હતું કે, ફક્ત સ્ટ્રક્ચર સાથેના રાષ્ટ્રીય ધોરીમાર્ગના એક ભાગની કુલ લંબાઈ ૪૦ કિલોમીટર છે, તો તેની મિનિમમ લંબાઈ ૧૦ X ૪૦ (સ્ટ્રક્ચરની લંબાઈના ૧૦ ગણા) = ૪૦૦ કિ.મી. અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની કુલ લંબાઈના પાંચ ગણા = ૫ X ૪૦ = ૨૦૦ કિ.મી. ટોલ ફીની ગણતરી ઓછી લંબાઈ પર અર્થાત ૨૦૦ કિ.મી. મુજબ કરાશે નહીં કે ૪૦૦ કિ.મી. ઉપર. આ કિસ્સામાં ટોલ ચાર્જ રોડની લંબાઈના અડધો અડધ (૫૦ ટકા) જેટલો જ થશે.

# હિમાચલમાં વરસાદ અને ભૂસ્ખલનને કારણે હાલત ખરાબઃ ૫૬ લાપત્તા

**મુખ્ય સમાચાર, મંડી**

હિમાચલ પ્રદેશના આપત્તિગ્રસ્ત મંડી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીમાં વેગ મળ્યો છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ પછી, સૈન્યના જવાનો પણ રાહત અને બચાવ કામગીરીમાં જોડાયા છે.

શુક્રવારેના જવાનોએ સેરાજ વિસ્તારના દેજી ગામમાંથી ૬૫ લોકોને બચાવ્યા. રસ્તાઓ તૂટેલા હોવાથી પૂર અને ભૂસ્ખલનને કારણે આ બધા લોકો ફસાયા હતા.ટીમ મુશ્કેલ રસ્તાઓ પર નવ કિલોમીટર ચાલીને દેજી ગામમાં પહોંચી. સૌ પ્રથમ, બીમાર લોકોના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી. બાદમાં, તેમને રાહત શિબિરમાં લઈ જવામાં આવ્યા.

વહીવટીતંત્ર, NDRF, પોલીસ અને સ્થાનિક સ્વયંસેવકોના સંકલિત પ્રયાસોને કારણે આ કામગીરી સફળ રહી. વહીવટીતંત્ર અસરગ્રસ્ત ગામડાઓમાં આવશ્યક રાહત સામગ્રી પહોંચાડવા, પાણી અને વીજળી પુનસ્થાપિત કરવા અને લોકોના સુરક્ષિત પુનર્વસન માટે ઝડપથી કામ કરી રહ્યું છે.



મંડી જિલ્લામાં ૩૦ જૂનના રોજ વાદળ ફાટવાથી આવેલા પૂર અને ભૂસ્ખલનના કારણે મૃત્યુઆંક વધીને ૧૭ થયો છે. ૫૬ લોકો હજુ પણ ગુમ છે. વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા રાહત સામગ્રી મોકલવામાં આવી રહી છે.વરસાદ-ભૂસ્ખલન જેવા કુદરતી કહેરથી રાજયમાં અત્યાર સુધીમાં ૭૦ લોકોના મોત થયા છે.

ગુમ થયેલા લોકોને ડ્રોનની મદદથી શોધવામાં આવી રહ્યા છે. થુનાગ સબડિવિઝન મુખ્યાલય શનિવાર સાંજ સુધીમાં રસ્તા સાથે જોડાયેલું હોવાની અપેક્ષા છે. વીજળી અને દૂરસંચાર સેવાઓ આંશિક રીતે પુનસ્થાપિત કરવામાં આવી છે.

# અમેરિકાના ટેકસાસમાં મેઘતાંડવથી ૧૩ના મોત

**મુખ્ય સમાચાર, ટેકસાસ**

અમેરિકાના ટેક્સાસ રાજયમાં ભારતવાળી થઈ હોય તેમ હિલ કન્ટ્રીમાં મેઘતાંડવ તબાહી મચી હતી. માત્ર થોડા કલાકોમાં જ એટલો વરસાદ પડ્યો જેટલો સામાન્ય રીતે મહિનાઓમાં પડતો નથી, જેના કારણે ગુઆડાલુપ નદીમાં પૂર આવ્યું.

નદીમાં પૂરને કારણે ઓછામાં ઓછા ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા અને ગર્લ્સ સમર કેમ્પમાં આવેલી ૨૦ થી વધુ છોકરીઓ ગુમ થઈ ગઈ હતી.બચાવ ટીમ હેલિકોપ્ટર અને બોટ દ્વારા જોરદાર પ્રવાહમાં ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહી હતી.

કેરવિલે કાઉન્ટીમાં રાત્રે ૧૦ ઈંચથી વધુ વરસાદ ખાબકી જતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે નદીનું પાણીનું સ્તર અચાનક વધી ગયું. રાષ્ટ્રીય હવામાન વિભાગના જણાવ્યાનુસાર, હન્ટ નજીક ગુઆડાલુપ નદીનું પાણીનું સ્તર માત્ર ૨ કલાકમાં ૨૨ ફૂટ સુધી વધી ગયું. હવામાનશાસ્ત્રી બોબ ફોગાર્ટીએ કહ્યું, પાણી એટલું ઝડપથી વધ્યું કે લોકોને સમજવાની તક જ મળી નહીં. કાઉન્ટી જજ રોબ કેલીએ કહ્યું કે ઘણા લોકોના મૃતદેહ મળી ગયા છે, પરંતુ તેમની ઓળખ



હજુ સુધી થઈ નથી. તેમણે કહ્યું, અમારા પ્રયાસો ચાલુ છે, પરંતુ પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ છે.

હંટમાં સ્થિત કેમ્પ મિસ્ટિક નામનો એક ખાનગી ખ્રિસ્તી છોકરીઓનો સમર કેમ્પ આ પૂરની ઝપેટમાં આવ્યો હતો. લેફ્ટનન્ટ ગવર્નર ડેન પેટ્રિકે જણાવ્યું હતું કે કેમ્પની ૨૩ છોકરીઓ હજુ પણ ગુમ છે. તેમણે ટેક્સાસના લોકોને છોકરીઓની સલામતી માટે પ્રાર્થના કરવા અપીલ કરી છે.

કેમ્પ મિસ્ટિકે માતાપિતાને એક ઈમેઈલ મોકલીને જણાવ્યું હતું કે જે બાળકો મળી આવ્યા છે તેમના પરિવારોને જાણ કરવામાં આવી છે. જો કે, કેમ્પમાં વીજળી, વાઇ-ફાઇ અને પાણી પુરવઠો ખોરવાઈ ગયો છે, અને ત્યાં જતો રસ્તો પણ ધોવાઈ ગયો છે. અન્ય બે કેમ્પ, કેમ્પ વાલ્ડેમાર અને કેમ્પ લા જુન્ટાએ ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું હતું કે તેમના બધા બાળકો અને સ્ટાફ સુરક્ષિત છે.

# ૨૦ વર્ષ બાદ ઠાકરે બંધુઓ આવ્યા એક મંચ પર

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મહારાષ્ટ્રના રાજકારણમાં આજનો દિવસ ખૂબ જ મહત્ત્વનો માનવામાં આવે છે. લાંબા સમયથી જે મુદ્દે અટકળો ચાલી રહી હતી, આજે તે હકીકત બની છે. લગભગ ૨૦ વર્ષ બાદ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે આજે એક સાથે મંચ પર જોવા મળ્યા છે, એ પણ પરિવારની સાથે. બંને ભાઈ વર્લીમાં મરાઠી વિજય દિવસ ઉજવવાના નામ પર સ્ટેજ શેર કરી રહ્યા છે. રાજ ઠાકરે તેમની પત્ની શર્મિલા અને પુત્ર અમિત ઠાકરે અને પુત્રી ઉર્વશી સાથે આ મુલાકાત માટે પહોંચ્યા હતા. ઉદ્ધવ ઠાકરે પણ તેમના પરિવાર સાથે પહોંચ્યા હતા, જેમાં તેમની પત્ની રશ્મિ અને પુત્રો આદિત્ય અને તેજસનો સમાવેશ થતો હતો. પરંતુ, હવે સવાલ થઈ રહ્યા છે કે, આ બંને ભાઈઓનું સાથે આવવું શું કોઈ મોટો બદલાવ લાવી શકે છે?

આ દરમિયાન, રાજ ઠાકરેએ કહ્યું, ''મેં મારા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે મારું મહારાષ્ટ્ર કોઈપણ રાજકારણ અને લડાઈ કરતાં મોટું છે. આજે ૨૦ વર્ષ પછી, હું અને ઉદ્ધવ સાથે આવ્યા છીએ, જે બાળાસાહેબ ન કરી શક્યા, તે દેવેન્દ્ર ફડણવીસે કર્યું. અમને બંનેને સાથે લાવવાનું કામ.''



વધુ વાત કરતા રાજ ઠાકરેએ કહ્યું કે, 'અમારા બાળકો ઈંગ્લિશ મીડિયમમાં જાય છે તો મરાઠી પર સવાલ ઊભા થાય છે.અમે હિન્દી થોપવાનું સહન નહીં કરીએ. આ લોકો મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવા ઈચ્છે છે, આ જ તેમનો એજન્ડા છે. પરંતુ, તેઓ આવું કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેમને મરાઠી માનિસની તાકાત સમજ આવશે. તેઓ મુદ્દાને ભટકાવવાનો પ્રયાસ કરે છે. હવે તેઓ કહી રહ્યા છે કે, ઠાકરેના બાળકો અંગ્રેજીમાં ભણે છે, શું બકવાસ છે? અનેક ભાજપ નેતાઓના બાળકો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે. પરંતુ, કોઈને તેમના હિન્દુત્વ પર શંકા છે? આ ત્રિભાષા સૂત્ર ક્યાંથી લઈને આવ્યા? નાના-નાના બાળકો સાથે જબરદસ્તી કરશો?

રાજ ઠાકરેએ કહ્યું, કે 'તમારી પાસે વિધાનસભામાં સત્તા હશે, અમારી પાસે રસ્તા પર સત્તા છે. જે બાળાસાહેબ ન કરી શક્યા એ ફડણવીસે કરી બતાવ્યું, અમને બે ભાઈઓને એક કર્યા. અમે ૧૨૫ વર્ષ સુધી મરાઠાઓએ રાજ કર્યું, અમે કોઈના પર મરાઠી થોપવાનો પ્રયાસ નથી કર્યો. મીરા રોડ પર એક શખસે ગુજરાતીને થપ્પડ મારી, પણ શું કોઈના માથે લખ્યું છે કે તે ગુજરાતી છે? હજુ તો અમે કશું કર્યું પણ નથી! કારણ વગર માર-ામારીની જરૂર નથી પણ કોઈ નાટક કરશે તો કાનની નીચે બજાવવી જ પડશે. હવે ધ્યાન રાખજો, આવું કશું કરો ને ત્યારે વીડિયો ન બનાવતા, સમજી ગયા ને? આ લોકો મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવા માંગે છે.'

# માઈક્રોસોફ્ટે પાકિસ્તાનને કહ્યું બાય બાય...




**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

વિશ્વમાં સોફટવેર જાયન્ટ તરીકે ઓળખાતા અને દરેક કોમ્પ્યુટર અને લેપટોપમાં હાજરી ધરાવતા માઇક્રોસોફટ એ હવે પાકિસ્તાનમાંથી તેની હાજરી ન રહે તે નિશ્ચિત કર્યુ છે.

અમેરિકાની આ જાયન્ટ કંપનીએ પાકિસ્તાનમાંથી તેનુ કામકાજ બંધ કરવા નિર્ણય લીધો છે. છેલ્લા કેટલાક વર્ષથી તે પાકિસ્તાનમાં ધીમે ધીમે પોતાના સ્ટાફ અને તેના કામકાજને ઘટાડી રહી છે.

૨૦૦૦ના વર્ષમાં માઇક્રો સોફટએ અહીં પોતાનું એક હેડ કવાર્ટર ખોલ્યુ હતું. માઇક્રોસોફટે પોતે શા માટે પાકિસ્તાન છોડી રહ્યું છે તેની કોઇ માહિતી જાહેર કરી નથી. પરંતુ તેના સત્તાવાર હેડકવાર્ટરના શટર પડી ગયા છે અને હવે ફકત પાંચ લોકોના સ્ટાફ સાથે અહીં લાયઝન કચેરી રહેશે.

ટેક રડારના અહેવાલ મુજબ માઇક્રો સોફટનું પુરેપુરૂ કામકાજ પાકિસ્તાન બહાર ખસેડાઇ ગયું છે. આ અંગે પાકિસ્તાનમાં માઇક્રોસોફટના એક સમયના હેડ કે જેઓએ પ્રથમ કચેરી ખોલી હતી તેઓએ પોતાની લીંકડઇન પોસ્ટમાં એક યુગનો અંત આવ્યો હોવાનું લખ્યું છે.

ઉમેર્યુ હતું કે મને આજે ખબર પડી છે કે માઇક્રોસોફટે સત્તાવાર રીતે પાકિસ્તાનમાં તેનું કામકાજ બંધ કર્યુ છે અને છેલ્લા જે કેટલાક કર્મચારી હતા તેને ગુડબાય કહી દેવામાં આવ્યું છે તેમણે લખ્યું કે ૨૫ વર્ષ પહેલા માઇક્રોસોફટના પાકિસ્તાન ઓપરેશનનો પ્રારંભ કરવાનું સન્માન મને મળ્યું હતું

# બીગ બ્યુટીફુલ બીલની મંજૂરીથી છંછેડાયેલા ટ્રમ્પના પૂર્વ સાથી એલન મસ્કે અમેરિકા પાર્ટીની રચનાનો સંકેત આપ્યો



**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીગ બ્યુટીફુલ બીલની મંજૂરીથી છંછેડાયેલા ટ્રમ્પના એક સમયના સાથી અને ટેક. તથા ઓટો જાયન્ટ કંપનીના માલિક એલન મસ્કે હવે ખુલ્લેઆમ પ્રમુખ ટ્રમ્પ સામે મોરચો માંડવાની તૈયારી કરી છે. અને તેઓએ અમેરિકામાં ત્રીજો પક્ષ રચવાની જાહેરાત કરીને આગામી દિવસોમાં અમેરિકાના રાજકારણમાં તેઓ મોટો ફેરફાર લાવશે તેવું પણ જણાવ્યું હતું.

એક સમયે ડોનાલ્ડ ટ્રમ્પને પ્રમુખ પદની ચૂંટણીમાં વિજય માટે જંગી રકમનો ખર્ચ કરીને બાદમાં ટ્રમ્પના શાસનના પ્રારંભથી જ તેમની સાથે જોડાઇ અને ડિપાર્ટમેન્ટ ઓફ ગર્વનમેન્ટ એફીશીયન્સીના વડા પણ બન્યા બાદ ટ્રમ્પ અને મસ્ક વચ્ચે જબરો વિવાદ સર્જાયો હતો.

અંતે મસ્કને વ્હાઇટ હાઉસ તેમજ સરકારી પદ પણ છોડવું પડયું હતુ અને ખાસ કરીને તેઓ ટ્રમ્પના આ બીગ બ્યુટીફુલ બીલનો વિરોધ કરતા હતા. ગઇકાલે અમેરિકી સંસદે બહુમતીથી આ બીલ મંજૂર કરતા જ પ્રમુખ ટ્રમ્પને મોટી રાજકીય જીત મળી છે.

તેની સામે મસ્કે અગાઉ પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ એકસ પર ૧ જુલાઇના રોજ પોસ્ટ મૂકી હતી કે જો આ ખરડો મંજૂર થશે તો બીજે જ દિવસે તેઓ અમેરિકા પાર્ટીની રચના કરશે. તેઓએ ડેમોક્રેટીક અને રીપબ્લીકથી અલગ જ વિચારધારા જરૂરી હોવાનો દાવો કર્યો હતો અને તેમણે બંને પક્ષોને એક સમાન ગણાવ્યા હતા.

હવે જયારે આ ખરડો પસાર થઇ ગયો છે તો એલન મસ્કે પોતાના રાજકીય ઇરાદાઓને આગળ ધપાવતા કહ્યું કે, તેઓ અમેરિકી કોંગ્રેસ (સંસદ)ના કિંગમેકર બનવા માંગે છે. જોકે પોતે વિદેશી નાગરિક (કેનેડીયન) હોવાથી અમેરિકામાં ચૂંટણી લડી શકે તેમ નથી પરંતુ આ ટેક બીલીયોનરે દાવો કર્યો કે તેઓ પ્રમુખ બન્યા વગર પણ પોતાનો હેતુ સિધ્ધ કરી શકે છે.

આમ કહીને તેણે પોતાના રાજકીય ઇરાદાઓ અંગે સંકેત આપી દીધો છે. મસ્કે એવું લખ્યું કે સ્વતંત્રતા દિવસ એ બે પક્ષો રીપબ્લીક અને ડેમોક્રેટીકથી સ્વતંત્ર થવાનો શું સૌથી શ્રેષ્ઠ સમય નથી.

તેમણે આમ કહીને લોકો પાસે હા અથવા નાનો જવાબ માંગ્યો હતો અને ૧૦ કલાકમાં જ ૯૯૯૩૮૩ લોકોએ તેમાં પોતાના મંતવ્ય આપ્યા જેમાં ૬૪૨ ટકા લોકો મસ્કના વિચારને સમર્થન આપ્યું છે. આમ તેઓએ અમેરિકી સંસદને વધુ ધારદાર બનાવવાનો પોતાનો આઇડીયા રજૂ કર્યો હતો.

# જૈનોના ચાતુર્માસનો ગુરુવારથી પ્રારંભ

## જીવદયાના લક્ષે પ્રભુ મહાવીરની આજ્ઞા અનુસાર જૈનોના સાધુ સાધ્વીજીઓ ચાતુર્માસમાં એક જ સ્થાનકે બીરાજમાન થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**મનોજ ડેલીવાળા**

ચોમાસાના દિવસોમાં વરસાદને કારણે રસ્તાઓ ઉપર વનસ્પતિ - અંકુરાઓ સહિત અનેક જીવો વગેરે ઊગી નીકળે છે.ઘાસ આદિ લીલોતરીને કારણે રસ્તા ચાલવા યોગ્ય રહેતાં નથી જૈન દર્શન અનુસાર વનસ્પતિ કાય પણ જીવ છે,તેના ઉપર ચાલવાથી તે જીવોની વિરાધના - હિંસા થઇ જાય છે તેથી શ્રમણ અને શ્રમણીઓએ એક ગામથી બીજે ગામ વિહાર ન કરતાં ચાતુર્માસમાં એક સ્થાનકે સ્થિરતા કરવી.

પ્રભુએ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના ૩૬ માં અધ્યયનમાં પૃથ્વીકાયથી લઇને હાલતાં- ચાલતાં જીવો ત્રસ કાય સુધીનું વિસ્તૃત વર્ણન સમજાવી છકાયના જીવોની દયા પાળવા માટે દિશા નિર્દેશ કરેલ છે.

જૈન દર્શન અહિંસાની ઈમારત પર ઊભેલો છે.

શ્રી ભગવતી સૂત્ર શતક ૯ ઉદ્દેશક ૩૪ માં ઉલ્લેખ છે કે મુનિ અનંત જીવોના રક્ષક છે.

પૂ.સાધુ - સાધ્વીજીઓના ઉપદેશથી છકાયના જીવોને અભયદાન મળે છે.

છકાય જીવોની રક્ષા કાજે
'' અહિંસા પરમો ધર્મ ''

અનુસાર અષાઢ સુદ પુનમથી લઇ કારતક સુદ પુનમ સુધી વર્ષાવાસ દરમ્યાન એક જ સ્થાનકે બીરાજમાન થઇ સ્વ - પરનું કલ્યાણ કરશે.

ચોમાસામાં ચતુર્વિધ સંઘ જ્ઞાન, દર્શન,ચારિત્ર તથા તપની વિશેષ પ્રમાણમાં ઉપાસના અને આરાધના કરે છે.શ્રાવક - શ્રાવિકાઓ દાન,શીલ,તપ અને ભાવમાં ઝૂલતાં રહે છે.જેવી રીતે ખેડૂત ચાર મહિના ખેતી કરી મબલખ પાક મેળવી બારે માસ સુખેથી જીવન પસાર કરે છે,તેવી જ રીતે ચોમાસાના દિવસો આત્માની ખેતી કરવાના શ્રેષ્ઠ દિવસો રહેલા છે.

જૈન આગમોમાં તીર્થંકર પરમાત્માએ સાધુ માટે નવ કલ્પી તથા સાધ્વીજીઓ માટે પાંચ કલ્પનો ઉલ્લેખ કરેલ છે.વર્ષાકાળ સિવાય સાધુ મુનિરાજો એક જ સ્થાનકે ૨૯ દિવસ તથા સાધ્વીજીઓ ૫૯ દિવસ રહી શકે છે,વર્ષનો બાકીનો સમય ચાતુર્માસ કલ્પ ગણાય છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે ચાતુર્માસમાં જ લોકોત્તર પર્વો પર્વાધિરાજ પર્યુષણ પર્વ,સવંત્સરી,આસો માસની આયંબિલ ઓળી,મહાવીર નિર્વાણ દિવસ,વીર લોકાંશા જયંતિ,જ્ઞાન પંચમી વગેરે પર્વો આવતા હોવાથી ભાવિકો ઉમંગ અને ઉલ્લાસભેર ધર્મ ધ્યાનમાં ઓતપ્રોત રહે છે.જેવી રીતે ચોમાસામાં ચોતરફ હરીયાળુ અને લીલુંછ્મ આહલાદ્દક વાતાવરણ જોવા મળે છે તેમ દરેક શ્રાવક - શ્રાવિકાઓ પણ ધર્મ ભાવનાથી હર્યા- ભર્યા રહે છે.ચાતુર્માસના દિવસો એટલે ભગવાનના ભાવોનું ચિંતન, મનન,મનોમંથન કરવાના તથા આત્માને સ્વાધ્યાયમાં જોડવાના દિવસો.

શ્રી આચારાંગ સૂત્ર કહે છે કે ચાતુર્માસ કલ્પ પૂર્ણ થાય અને કારતક વદ એકમ આવે એટલે પૂ.સાધુ - સંતો ભારંડ પંખીની જેમ

'' સાધુ તો વિચરતા ભલા ''

સાધુ ચાતુર્માસમાં એક ક્ષેત્રમાં સ્થિર રહે કે શેષકાળમાં વિહાર કરે તેઓનું લક્ષ માત્ર રત્નત્રયી એટલે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર ધર્મની આરાધના અર્થાત્ સંયમ રક્ષા જ રહેલી છે.

# ઊના નાલીયા માંડવી ગામે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નાલીયા માંડવી ગામે વૃક્ષ રોપણનો કાર્યક્રમ યોજાયો જેમાં અનેકો વિસ્તારોમાં વૃક્ષ રોપણ કર્યું નાલીયા માંડવી ગ્રામ પંચાયત દ્વારા વૃક્ષ રોપણ નો કાર્યક્રમ યોજાતા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે સ્કૂલની આજુબાજુ સાયકલોન સેન્ટર ની આજુબાજુ તેમજ જાહેર માર્ગ પર વૃક્ષ રોપણ કરવામાં આવ્યું જેમાં નાલીયા માંડવી ગામના મહિલા સરપંચ તેમજ સરપંચના પ્રતિનિધિ રફિક ભાઈ સુમરા તેમજ નાલીયા માંડવી ગામના તલાટી મંત્રી વિજયભાઈ ડોડીયા તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આ વૃક્ષરોપણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

# આંગણવાડીમાં આવતા અતિગંભીર કુપોષિત બાળકો માટે આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો

## NGOના સહયોગથી પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકારના ''પોષણ સંગમ'' કાર્યક્રમ તેમજ ''મિશન પોષણ RMC'' અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની આંગણવાડીઓમાં આવતા અતિગંભીર કુપોષિત બાળકો માટે આઈ.સી.ડી.એસ વિભાગ અને આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૦૩-૦૭-૨૦૨૫ના રોજ આરોગ્ય તપાસણી કેમ્પ યોજવામાં આવેલ તેમજ ''શેર વિથ સ્માઈલ'' એન.જી.ઓ ૨૮૦ બાળકોને પોષણ કીટ આપીને સુપોષણ બનાવવામાં મદદરૂપ બનેલ. પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ દ્વારા અતિગંભીર કુપોષિત બાળકોને સુપોષિત બનાવવા માટે બાળકોના વાલીઓને સરકાર તરફથી મળતા THR બાલ શક્તિનું મહત્વ તેમજ ખોરાકમાં દિવસમાં ચાર વખત બાલ શક્તિનો ઉપયોગ કરવા માટે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

# માંડા ડૂંગરમાં પુત્ર સ્કૂલે નહિ જતા જનેતાએ વખ ઘોળ્યું

## ઝેરી દવા પી લેનાર પરિણીતાને સારવારમાં ખસેડાઈ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજીડેમ ચોકડી પાસે આવેલા માંડા ડૂંગરમાં રહેતી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. ૬ વર્ષનો પુત્ર સ્કૂલે જતો ન હોવાથી આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યુ છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ આજીડેમ ચોકડી પાસે માંડા ડૂંગરમાં રહેતી માહીબેન સાગરભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬) નામની પરિણીતાએ આજે સવારે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરી હતી.

પ્રાથમિક તપાસમાં માહીબેનના લગ્ન ૭ વર્ષ પહેલા થયા હોવાનુ અને તેનો પતિ એચજે સ્ટીલમા નોકરી કરતો હોવાનું જાણવા મળ્યુ છે. તેને સંતાનમાં બે પુત્ર હોય જેમાં એક પુત્ર ૬ વર્ષનો છે. જે એલકેજીમાં અભ્યાસ કરે છે. જે પુત્ર સ્કૂલે જતો ન હોવાથી કંટાળી માતાએ આ પગલુ ભરી લીધાનું તેના પતિએ જણાવ્યુ હતુ. આ અંગે આજીડેમ પોલીસે હોસ્પિટલે દોડી જઈ પરિણીતાનું નીવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

# યુવા કવિયત્રી નુપુર આચાર્યએ કાવ્ય સંધ્યાનું સુંદર સંચાલન કર્યું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

''શબ્દો તો બધા લખે છે, પણ જ્યારે લાગણીઓ કાગળ પર શ્વાસ લે છે, ત્યાંથી કવિતા જન્મે છે.''

આ ભાવસભર પંક્તિઓ ૧૭ વર્ષીય ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી યુવા કવિયત્રી નુપુર આચાર્યની છે, જે છેલ્લા સાત વર્ષથી કાવ્યસર્જન દ્વારા પોતાની અનોખી ઓળખ બનાવી રહ્યા છે. તાજેતરમાં શહેરના કાલાવડ રોડ પર આવેલ વ્હાઈટ વેલી કાફે ખાતે ''ધ પોએટિક સોલ સ્પેસ'' દ્વારા આયોજિત કાવ્યસંધ્યાનું સંચાલન નુપુરે ખુબજ સફળતાપૂર્વક કર્યું અને પોતાની અસરકારક રચનાઓથી શ્રોતાઓના હૃદયને સ્પર્શ્યા. નુપુરની લાગણીઓથી ભીની કવિતાઓ અને અવાજની માદકતાએ સમગ્ર સંધ્યાને યાદગાર બનાવી દીધું.

નોંધનીય બાબતે છે કે ક્રિએટિવ માઈન્ડ ધરાવતી રાજકોટની સેન્ટ મેરી સ્કૂલમાં અભ્યાસ કરતી નૂપુર ભણવામાં પણઅવ્વલ નંબર પ્રાપ્ત કરી રહી છે તેની શૈક્ષણિક કારકિર્દી ઉજવળ રહી છે આ પહેલા જામનગર ખાતે પણ યોજાયેલી ઈવેન્ટમાં તે પોતાનું સુંદર પર્ફોમન્સ આપી ચૂકી છે વધુ વિગત માટે Instagram id-nupur._.writes સંપર્ક કરવો.

# હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની અને કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટરનું જામનગર એરપોર્ટ પર આગમન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની અને કેન્દ્રીય મંત્રી તથા હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરનું જામનગર એરપોર્ટ ખાતે આગમન થયું હતું.જ્યાં જામનગરના જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, એરપોર્ટ ડાયરેક્ટર ડી.કે.સિંહ સહિતના મહાનુભાવોએ તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરી આવકાર્યા હતા.

# ૨૨ હજાર શ્રદ્ધાળુઓએ બાબા બર્ફાનીના દર્શન કર્યા

**મુખ્ય સમાચાર, જમ્મુ**

જમ્મુઃ દેશભરમાંથી શ્રી અમરનાથ ભક્તો તેમના હૃદયમાં અપાર શ્રદ્ધા અને શ્રદ્ધા સાથે ભોલેના ધામમાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર પણ ભગવાન શિવના ભક્તોને રહેવા, ભોજન અને સુરક્ષા પૂરી પાડવામાં કોઈ કસર છોડી રહ્યું નથી.

આ સંદર્ભમાં, શુક્રવારે, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ અમરનાથજી શ્રાઈન બોર્ડના યાત્રી નિવાસને શ્રદ્ધાળુઓને સમર્પિત કર્યો, જેમાં બેઝ કેમ્પ બાલતાલ (નાંદરબલ) ખાતે ૮૦૦ યાત્રાળુઓને સમાવવાની સુવિધા છે. આ સંકુલમાં નોંધણી અને સુરક્ષા બ્લોક પણ હશે.

આ ઉપરાંત, બાલટાલમાં સ્થાપિત ટેન્ટ સિટીમાં હજારો યાત્રાળુઓને સમાવવાની સુવિધા છે. આ પ્રસંગે, લેફ્ટનન્ટ ગવર્નરે જણાવ્યું હતું કે હાલમાં જમ્મુના સિધરા, પહેલગામ, નુનવાન ફેઝ-વન અને વિજબિહરામાં યાત્રા નિવાસનું કામ ચાલી રહ્યું છે. નુનવાનમાં યાત્રી નિવાસ આ વર્ષે ઓક્ટોબર પહેલા પૂર્ણ થવાની અપેક્ષા છે. ત્રીજી બેચ પણ રવાના થઈ ગઈ છે.

દરમિયાન, વહેલી સવારે જમ્મુથી ૬,૪૧૧ શ્રદ્ધાળુઓનો ત્રીજો સમૂહ યાત્રા માટે રવાના થયો હતો. આમાંથી ૩,૬૨૨ શ્રદ્ધાળુઓ પહેલગામ અને ૨,૭૮૯ બાલતાલ માટે રવાના થયા હતા, જેઓ સાંજે પોતપોતાના બેઝ કેમ્પમાં પહોંચ્યા હતા. ત્રણ દિવસમાં, ૧૭,૫૪૯ શિવભક્તો જમ્મુથી યાત્રા પર ગયા છે, જોકે ઘણા શ્રદ્ધાળુઓ સીધા કાશ્મીર પણ પહોંચ્યા છે. તે જ સમયે, બે દિવસમાં ૨૨ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર બરફ લિંગના દર્શન કર્યા છે.

# ધ્રોલ પોલીસે બે શખ્સને ચોરાઉ બેટરી સાથે પકડી પાડ્યા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ-રાજકોટ ધોરીમાર્ગ પર લૈયારા ગામ પાસે એક મોબાઈલ ટાવરની સાઈટ પર ગયા રવિવારની રાત્રે ઘૂસી ગયેલા શખ્સોએ અંદરથી રૂ. પોણા બે લાખની કિંમતની ૪૫ બેટરીની ચોરી કરી હતી તેની તપાસમાં ધ્રોલ પોલીસે બે શખ્સને ચોરાઉ બેટરી સાથે પકડી પાડ્યા છે.

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા ધ્રોલથી આગળના લૈયારા ગામ પાસે સોમનાથ હોટલ સામે રાજકોટ ડિસ્ટ્રીક્ટ ઈન્ડસ કંપની દ્વારા ઉભા કરવામાં આવેલા મોબાઈલ ટાવરમાં ગઈ તા.૩૦ની રાત્રિના બે વાગ્યાથી ચાર વાગ્યા દરમિયાન ચોરી થઈ હતી.આ સ્થળ પર ઘૂસી ગયેલા કોઈ શખ્સોએ મોબાઈલ ટાવરના સેન્ટરના દરવાજાનો લોક તોડી નાખી અંદર ઘૂસ્યા પછી ૨૪-૨૪ બેટરી જેમાં રાખવામાં આવી હતી તેવા બે સેલમાંથી એક સેલમાં પડેલી અમર રાજા કંપનીની ૬૦૦ વોલ્ટની ૨૧ બેટરી તેમજ બીજા સેલમાં પડેલી ૬૦૦ વોલ્ટની એક્સાઈઝ કંપનીની ૨૪ બેટરી મળી કુલ રૂ. ૧ લાખ ૮૦ હજારની કિંમતની ૪૫ બેટરી ઉઠાવી લીધી હતી.તેની ફરિયાદ આ કંપનીમાં નોકરી કરતા રાજકોટના દિનેશસિંગ રાજપૂતે ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવી હતી. પીઆઈ એચ.વી. રાઠોડના વડપણ હેઠળ પોલીસે તપાસ શરૂ કરી હતી. મોબાઈલ ટાવરમાં મૂકવામાં આવેલા સીસીટીવી કેમેરા તેમજ હાઈવે પરના સીસીટીવી ફૂટેજ નીહાળતા પોલીસને તસ્કરોના સગડ મળ્યા હતા.ત્યારપછી મોરબીની ત્રિલોકધામ સોસાયટીમાં રહેતા સામુ મનોજ આમેણીયા, મૂળ મોરબીના બગધરા ગામના વતની અને હાલમાં રાજકોટમાં રૈયાધાર પર રહેતા શાયર દલસુખ મકવાણા નામના બે શખ્સને ટંકારા ધોરીમાર્ગ પરથી બોલેરો સાથે દબોચી લેવામાં આવ્યા હતા. આ શખ્સોની પૂછપરછ કરાતા તેઓએ ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી પોતાના સાગરિત મોરબીના આકાશ સુરેશ વિકાણીનું નામ આપ્યું છે. પોલીસે જીજે-૩૬-વી ૩૧૬૦ નંબરની બોલેરો, બે મોબાઈલ, ૪૫ ચોરાઉ બેટરી મળી કુલ રૂ. ૪ લાખ ૯૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. સામુ શાયર સામે રાજકોટ, અમરેલી તથા ધ્રોલ પોલીસ મથકમાં સાત ગુન્હા નોંધાયેલા છે.

# અંડર ૧૯ કેમ્પ માટે જામનગર ડિસ્ટ્રિક્ટ એસોસીએશનનાં ખેલાડીઓની પસંદગી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજીત અંડર .૧૯ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જામનગર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનનાં ખેલાડીઓ દ્વારા શાનદાર પ્રદર્શનને આધારે ટીમનાં ખેલાડીઓ પુષ્પરાજ જાડેજા. પુષ્કર કુમાર. નિસર્ગ કાસુંદ્રા.જય રાવલીયા.તથા.મિતરાજ જાડેજા.એમ એક સાથે કુલ પાંચ ખેલાડીઓની દ્વારા આયોજીત કૂચ બિહાર ટ્રોફી તથા વિનું માંકડ ટુર્નામેન્ટનાં કન્ડીશનીંગ, સીલેકશન કેમ્પમાં પસંદગી થતાં જામનગરનું ગૌરવ વધારેલ છે.૧૦ જુલાઈ સુધી તેઓને નિરંજન શાહ સ્ટેડીયમ ખાતે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન દ્વારા ટ્રેનીંગ આપવામાં આવશે.જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન તરફથી મહેન્દ્ર સિંહ ચૌહાણ પાસે ટ્રેનિંગ અને કોચિંગ કરી રહેલ ખેલાડીઓને ડિસ્ટ્રિક્ટ હોદેદારો દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે.

# બરકતીનગરમાં જૂની અદાવતમાં યુવાન ઉપર બંધુ બેલડીનો હુમલો

## સામુ જોવા પ્રશ્ને થયેલી બોલાચાલીનો ખાર રાખી માર માર્યાની ફરિયાદ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા પાસે આવેલા બરકતીનગરમાં સામુ જોવા પ્રશ્ને બોલાચાલી થયા બાદ જેનો ખાર રાખી બે સગાભાઈએ યુવાન પર હુમલો કર્યો હતો.આ ઘટનામાં તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

આ અંગેની વિગતો મુજબ, આતીફ મહેબુબભાઈ બાહરોલીયાએ ફરિયાદમાં સાજીદ સરીફ શિડા અને અમન શરીફ શિડાનું નામ આપતા તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.આતીફભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,મારા ઘર સામે રહેતો મારો મિત્ર સાહિલ શરીફ ભાઇ સીડા સાથે ખુશ્બુ ચારેક માસ પહેલા જતી રહેલ છે જે બંને હાલ ક્યાં છે તેની મને જાણ નથી અને ગઈકાલે રાત્રિ ના દસેક વાગ્યે હું મારા ઘરની પાછળની શેરીમાં હતો ત્યારે સાહિલ સીડા નો નાનો ભાઈ અમન સીડા મને મળેલ અને મારી સામે જોતો અને આંખોથી કાતર મારી સામે જોતા મારે તેની સાથે બોલાચાલી થયેલ હતી.

હું મારા ઘરથી આગળ પાર્કિંગ યાર્ડ ની સામે ના રોડ પાસે હતો ત્યારે છબીલ નજીક આ સાહિલ સીડાનો મોટો ભાઈ સાજીદ શરીફભાઈ સીડા તથા તેનો સૌથી નાનો ભાઈ અમન બંને મને મળેલા અને સાજીદે મને કહેલ કે તું મારા ભાઈ અમન સાથે કેમ ઝઘડો કરે છે આમ કહી આ બંને ભાઈઓ મને જેમ ફાવે તેમ ગાળો બોલી મને ઢીકા પાટા મારવા લાગેલા અને અમને પકડી રાખેલ અને સાજીદ એ મને તેણે પહેરેલ પેન્ટના નેફામાથી છરી કાઢી મને પેટના ભાગે નાભિની ડાબી તરફ એક ઘા મારી દેતા હું નીચે પડી ગયેલ અને લોહી નીકળવા લાગેલ અને આ વખતે સાજીદ એ મને હવે મારા ભાઈ સાથે ઝઘડો કરીશ તો તને જાનથી મારી નાખીશ આવી ધમકી આપી બંને ભાઈ ભાગી ગયા હતા.આ મામલે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# મહિલા અને પુરુષ કોન્સ્ટેબલ ગુમઃ માલવિયાનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા મિત્ર કોન્સ્ટેબલ પર હુમલો





મહિલા કોન્સ્ટેબલના ખેડામાં ફરજ બજાવતા પોલીસમેન ભાઇએ ગોંડલ ગ્રૂપના અને બે સાગરીતોની સાથે મળી હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસમેન રાજકોટમાં સાયબર સેલમાં અને મહિલા કોન્સ્ટેબલ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે, જ્યાંથી તેઓ રજા મુક્યા વગર સાત દિવસ પહેલાં લાપતા થઇ ગયા છે, બીજી બાજુ મહિલા કોન્સ્ટેબલના ખેડામાં ફરજ બજાવતા પોલીસમેન ભાઇએ ગોંડલ ગ્રૂપના અને બે સાગરીતને સાથે રાખી લાપતા પોલીસમેનના રાજકોટમાં માલવિયાનગર પોલીસમથકમાં ફરજ બજાવતા મિત્ર કોન્સ્ટેબલ પર હુમલો કર્યો

શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલ અને પોલીસમેન સાત દિવસથી ઘરે કહ્યા વગર ભાગી ગયા હતા, મહિલા કોન્સ્ટેબલનો પોલીસમેન ભાઇ અને તેના પરિચિત પીએસઆઇએ બહેનને ભગાડી કોન્સ્ટેબલને શોધવા તેના પોલીસમેન મિત્ર પર હિચકારો હુમલો કર્યો હતો. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ જાહેર થતાં દેકારો મચી ગયો હતો, જોકે પોલીસે સમાધાન થઇ ગયું હોય ફરિયાદ નહીં નોંધ્યાનું કહી આશ્ચર્ય સર્જ્યું હતું.

સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ જીત પાઠક અને મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ રાજલ ગઢવી સાતેક દિવસથી પોતપોતાના ઘરેથી નીકળી ગયા હતા, રાજલના પરિવારજનોએ તપાસ કરતાં રાજલ કોન્સ્ટેબલ જીત પાઠક સાથે નીકળ્યાની શંકા દૃઢ બની હતી. જોકે બંનેના મોબાઇલ બંધ હોવાથી લોકેશન મેળવવામાં સફળતા મળી નહોતી.

કોન્સ્ટેબલ જીત પાઠકના ખાસ મિત્ર માલવિયાનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ જય રંગાણી બંને ક્યાં ભાગ્યા હશે તે વાતથી વાકેફ હશે તેવી દૃઢ શંકા રાજલ ગઢવીના ભાઇ ખેડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ આશિષ ગઢવીને જતાં તેણે જીતને આગવી સ્ટાઇલથી ટ્રીટ કરવાનું નક્કી કર્યું હતું. ગત તા.૩૦ના કોન્સ્ટેબલ આશિષ ગઢવી અને ગોંડલ એસઆરપીમાં ફરજ બજાવતા પીએસઆઇ ધામેલિયા રાજકોટ આવ્યા હતા અને તેમણે પોતાના બે પરિચિત યોગી અને નંદને માલવિયાના કોન્સ્ટેબલ જય રંગાણીની શોધખોળ શરૂ કરી હતી.

પોલીસમેન જય રંગાણી માલવિયાનગર વિસ્તારમાં તેના ઘરે હોવાની માહિતી મળતાં ચારેય ત્યાં પહોંચ્યા હતા અને રાજલ તથા જીત પાઠક ક્યાં છે તેવું પૂછી ચારેય શખ્સે પોલીસમેન જય રંગાણીને આડેધડ ફડાકા ઝીંકવાનું શરૂ કર્યું હતું, અંદાજે પંદર જેટલા ફડાકા મારી પોલીસમેન પર હુમલાખોરોએ ત્રાસ ગુજાર્યો હતો. આ ઘટના તા.૩૦ની રાત્રીના નવેક વાગ્યે બની હતી, આ ઘટના શહેર પોલીસબેડામાં તે દિવસથી ચર્ચાનો મુદ્દો બની હતી, પરંતુ પોલીસ ફરિયાદ નોંધાઇ નથી. બીજીબાજુ રાજલ ગઢવી અને જીત પાઠક ભાગ્યા ત્યારથી પોલીસ સ્ટેશનમાં કોઇ રજા મુકી નથી, પોલીસ અધિકારીને જાણ કર્યા વગર નાસી ગયા છે અને દિવસોથી ફરજ પર હાજર થયા નથી.

માલવિયાનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ જય રંગાણી પર ખેડાના કોન્સ્ટેબલ આશિષ ગઢવી, પીએસઆઇ ધામેલિયા સહિત ચારે હુમલો કર્યાની ઘટનાના સીસીટીવી ફૂટેજ શુક્રવારે સાંજે ફરતા થયા હતા, આ મામલે ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે, ઘરેથી ભાગી ગયેલી કોન્સ્ટેબલ રાજલ ગઢવી અને સાયબર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ જીત પાઠક ક્યાં ભાગ્યા તે જાણવા રાજલના ભાઇ કોન્સ્ટેબલ આશિષ ગઢવી અને તેના પરિચિત પીએસઆઇ ધામેલિયા સહિત ચાર શખ્સ કોન્સ્ટેબલ જય રંગાણી પાસે ગયા હતા અને ત્યાં મામલો ગરમાતા પોલીસમેન આશીષ ગઢવીએ કોન્સ્ટેબલ જય રંગાણીને ફડાકો માર્યો હતો, જ્યારે તે વખતે પીએસઆઇ ધામેલિયા મોબાઇલ પર વાતચીત કરતા હતા, આ મામલો પ્રકાશમાં આવતાં કોન્સ્ટેબલ જય રંગાણીને બોલાવી ફરિયાદ કરવા કહ્યું હતું પરંતુ બંને પક્ષ વચ્ચે સમાધાન થઇ ગયું છે તેમ કહી જય રંગાણીએ ફરિયાદ નહીં આપતા પોલીસે કોઇ કાર્યવાહી કરી નથી.

જોકે ઘટનાના સીસીટીવી ફૂટેજ ફરતા થયા છે તેમાં સ્પષ્ટપણે દેખાય છે કે, કોન્સ્ટેબલ જય રંગાણીને પોલીસમેન આશિષ ગઢવી, પીએસઆઇ ધામેલિયા સહિત ચારેય શખ્સ મારકૂટ કરી રહ્યા છે અને પંદર ફડાકા તેમને ઝીંકવામાં આવ્યા હતા. ડીસીપી બાંગરવા એક જ ફડાકો માર્યાનું કહી રહ્યા છે જ્યારે સીસીટીવી ફૂટેજ કંઇક અલગ જ બતાવી રહ્યું છે. સામાન્ય નાગરિકો માટે કાયદાનો દંડો પછાડતી પોલીસ આ મામલામાં કંઇ અલગ વર્તી રહી છે કેમ કે ભોગ બનનાર અને હુમલો કરનાર પોલીસબેડામાં છે.

મહિલા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ રાજલ ગઢવી સાતેક દિવસથી નોકરી પર હાજર થયા નથી, અને તે ઘરેથી કોઇને કહ્યા વગર કોઇ સ્થળે જતાં રહ્યા છે, આ બાબતે હકીકત જાણવા મહિલા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ.એન.રાઠોડને પૂછ્યું હતું કે, કોન્સ્ટેબલ રાજલ ગઢવી રજા પર છે? કે ફરજ પર?, તો પીઆઇ રાઠોડે કહ્યું હતું શું કામ છે?, ઘટના અંગે જાણ કરતાં તેમણે કહ્યું હતું કે, તે તેમની પર્સનલ મેટર છે, પરંતુ મહિલા કોન્સ્ટેબલ રાજલ ગઢવીએ રજા મુકી છે કે કેમ તેવુ પૂછતાં તેમણે આ ખાતાકીય બાબત હોવાનું કહી વાત ટૂંકાવી હતી, પીઆઇ રાઠોડે પોતાના પોલીસ સ્ટેશનના મહિલા કોન્સ્ટેબલ ગેરહાજર હોવા અંગે અગાઉથી જાણતા હતા, તે શા માટે ગેરહાજર છે તે બાબતથી પણ વાકેફ હતા?, તેમણે આ અંગે તેમના ઉપરી અધિકારીને જાણ કરી હતી? જો હા, તો ક્યારે અને ના તો શા માટે નહીં ? સહિતના સવાલો ઉઠ્યા છે.

પોલીસમેન રાજકોટમાં સાયબર સેલમાં અને મહિલા કોન્સ્ટેબલ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે, જ્યાંથી તેઓ રજા મુક્યા વગર સાત દિવસ પહેલાં લાપતા થઇ ગયા છે, બીજી બાજુ મહિલા કોન્સ્ટેબલના ખેડામાં ફરજ બજાવતા પોલીસમેન ભાઇએ ગોંડલ ગ્રૂપના અને બે સાગરીતને સાથે રાખી લાપતા પોલીસમેનના મિત્ર અને રાજકોટમાં માલવિયાનગર પોલીસમથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલે મદદ કર્યાની શંકાથી તેના પર હુમલો કર્યો હતો

# સીટી સમાચાર

## અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સૂચના

તા. ૦૨/૦૭/૨૦૨૫ ના રોજ આશરે સાંજે ૬૧૫ વાગ્યાની આસપાસ રાજકોટ-જામનગર હાઈવે રોડ પર ટીજીએમ હોટેલની બાજુમાં આવેલ નાલામા ફુગાઇ ગયેલ હાલતમાં એક અજાણ્યા પુરુષની લાશ મળી મળી આવેલ છે,જેની ઉ.વ ૪૦થી ૫૦ છે. મૃતકે ડાર્ક બ્લુ કલરનો શર્ટ તથા કાળા કલરનું નાઈટ પેન્ટ પહેરેલ છે અને ડાબા હાથમાં કલાઈ પર અંગ્રેજીમાં ત્રોફાવેલ છે. લાશને હાલ રાજકોટ સરકારી હોસ્પિટલ કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલ છે. મૃતકના વાલી-વારસ એ પડધરી પોલીસ સ્ટેશન મો.નં. ૬૩ ૫ ૯૬ ૨૫ ૮ ૨૬ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા રાજકોટ જિલ્લાના પ્રવાસે

ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવિયા ૫ અને ૬ જુલાઈએ રાજકોટ જિલ્લાના પ્રવાસે આવનાર છે. આ દરમ્યાન ઉપલેટા તાલુકાના ભાયાવદર ખાતે તા. ૦૫ના રોજ સવારે ૧૦ કલાકે કેન્દ્રીય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રૂ. ૧૦.૫ કરોડના વિકાસ કાર્યોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ પૂર્ણ થયે તેઓ પોરબંદર જવા રવાના થશે.

## ટપાલ વિભાગની ઓનલાઇન ટ્રાન્ઝેક્શનની કામગીરી ૭ જુલાઈના રોજ બંધ રહેશે

ટપાલ વિભાગ દ્વારા અદ્યતન APT ( Advance Postal Technology) એપ્લીકેશન રોલ આઉટ શરુ કરવામાં આવી રહ્યું છે. આ રૂપાંતરકારી પહેલના ભાગરૂપે રાજકોટ ડિવિઝન ખાતેની તમામ કચેરીઓમાં તા.૦૮-૦૭-૨૦૨૫થી નવી સિસ્ટમ અમલમાં આવશે. આ આધુનિક ડીજીટલ પ્લેટફોર્મ પર સરળ અને સુરક્ષિત સ્થાનાન્તર કરવા માટે તા.૦૭-૦૭-૨૦૨૫ ( સોમવાર )ના રોજ ડાઉન ટાઈમ નક્કી કરવામાં આવ્યું છે. જેથી તા. ૦૭-૦૭-૨૦૨૫( સોમવાર )ના રોજ કોઈ પણ જાહેર લેણ-દેણ નહિ થાય. આ હંગામી સેવા વિક્ષેપ ડેટા માઈગ્રેશન, સિસ્ટમ ચકાસણી અને કન્ફિગરેશન પ્રક્રિયા માટે જરૂરી છે. એપ્લીકેશને વધુ ગ્રાહકલક્ષી બનાવવા માટે રચાયેલ છે. આથી ગ્રાહકોને તેમની મુલાકાતોનું અગાઉથી આયોજન કરવા અને હાલની સ્થિતિમાં સહકાર આપવા રાજકોટ ટપાલ વિભાગે અનુરોધ કર્યો છે.

## રાજકોટ જિલ્લાના વિવિધ ડેમોમાં નવા નીરની આવક નોંધાઈ

રાજકોટ જિલ્લામાં વરસાદના પગલે નવા નીરની આવક થઈ છે. વેણુ -૨ ડેમમાં ૧૩.૨૯ ફૂટ, સોડવદર ડેમમાં ૧૦.૧૭ ફૂટ, છાપરવાડી-૨ ડેમમાં ૫.૫૮ ફૂટ, મોજ ડેમમાં ૪.૯૯ ફૂટ, ડોંડી ડેમમાં ૩.૯૪ ફૂટ, ફોફળ ડેમમાં ૨.૮૨ ફૂટ, મોતીસર ડેમમાં ૧.૬૪ ફૂટ, લાલપરી ડેમમાં ૧.૩૮ ફૂટ, આજી-૩ ડેમમાં ૦.૯૨ ફૂટ, આજી-૧ ડેમમાં ૦.૩૩ ફૂટ, ભાદર-૨, સુરવો અને ન્યારી-૧ ડેમમાં ૦.૧૬ ફૂટ જેટલો વધારો ઊંડાઈમાં નોંધાયો છે, તેમ રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયું છે.

## આજી-૨ ડેમના ૩ દરવાજા ૦.૧૫ મીટર ખોલાયા હેઠવાસના ગામ લોકોને સાવચેત રહેવા સૂચના

રાજકોટ જિલ્લાના આજી-૨ ડેમ ભરાતા રૂલ લેવલ સપાટી જાળવવા ડેમના ૩ દરવાજા ૦.૧૫ મીટર ખોલવામાં આવ્યા છે. આથી ડેમની હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના અડબાલકા,બાઘી, દહીંસરડા, ડુંગરકા,ગઢડા,હરીપર,ખંઢેરી,નારણકા, સખપર અને ઉકરડા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે.

## લાલપરી ડેમના હેઠવાસના ગામ લોકોને સાવચેત રહેવા સૂચના

રાજકોટ જિલ્લાના લાલપરી સિંચાઈ યોજનામાં ઉપરવાસમાં પડેલ ભારે વરસાદના કારણે ડેમ ૮૦% ભરાયેલ છે. ડેમ પૂર્ણ ભરાતા રૂલ લેવલ સપાટી જાળવવા ગમે ત્યારે પાણી છોડવામાં આવશે. આથી ડેમની હેઠવાસમાં આવેલા રાજકોટ તાલુકાના નવાગામ અને બેડી ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા રાજકોટના કવોલિટી કન્ટ્રોલ સબ ડિવિઝન નં.૧ના ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયરની યાદીમાં જણાવાયું છે.

## ગામડામાં સ્વચ્છતા માટે વ્યક્તિદીઠ માસિક ગ્રાન્ટ હવે રૂ.૪ ના બદલે ૮

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના ગામોમાં ઊડીને આંખે વળગે એવી સ્વચ્છતા-સફાઈ રાખવાનું પ્રેરક આહવાન નવા ચૂંટાયેલા સરપંચો અને ગ્રામ પંચાયત સદસ્યોને કર્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ એક મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સંકલ્પ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગામ-નગર-શહેરો દરેક સ્થળને સાફ-સુઘડ રાખવાનું જન આંદોલન ચલાવ્યું છે. રાજ્ય સરકાર દરેક ગામની આવી સ્વચ્છતા-સફાઈ માટે દર મહિને વ્યક્તિ દીઠ ૪ રૂપિયાની ફાળવણી કરે છે. હવે, આ રકમ બમણી કરીને વ્યક્તિ દિઠ માસિક ૮ રૂપિયા અપાશે.

# નશીલા પદાર્થનું વેચાણ કરતી નામચીન મહિલા સહિત ત્રણને પાસા તળે ધકેલાયા

### નામચીન મહિલાને હિંમતનગર અને બે શખ્સને બનાસકાંઠા-મહેસાણા મોકલી દીધા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર વિસ્તારમાં અગાઉ ગેરકાયદેસર માદક પદાર્થના જથ્થા સાથે પકડાયેલ ઇસમો વિરુધ્ધ કાયદા હેઠળ દરખાસ્તો તૈયાર કરી મોકલવા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, રસ્ત અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, બાથી નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ અને સ્પેશયલ બ્રાન્ચ) ડો. પાર્થરાજસિંહ ગોહીલ તથા મદદનીશ પોલીસ કમિશ્નરની (ક્રાઇમ) ભરત બી. બસીયા દ્વારા સુચના તેમજ માર્ગદર્શન આપવામાં આવેલ હોય તેમજ અધિક પોલીસ મહાનિદેશક સા. સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર લાધી દ્વારા NDP S ACT-1985 તથા PIT NDPS ACT-1988 હેઠળ કાર્યવાહી કરવા અંગેની સ્પેશયલ ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે અનુસંધાને, પોલીસ કમિશ્નરની સુચનાથી આવા કેસમાં દરખાસ્ત તૈયાર કરી ડી.જી.પી સાહેલ સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ સમક્ષ મોકલવા સુચના કરેલ હોય આવી કાર્યવાહી કરવાથી માદક પદાર્થનો વેપાર ધંધો કરતા ઈસમો ઉપર અંકુશ રહે અને લોકોની આર્થીક તથા સામાજીક સુખાકારીને પાયમાલીના માર્ગ તરફ લઈ જતી અટકે તેમજ રાષ્ટ્રને નુકશાન થતુ અટકે તેમજ યુવાધન રાજકોટ શહેર આવી બદીથી દુર રહે અને કાયદાનો કડક અમલ થાય તે સારૂ ભલામતિ વિરૂધધ્ધ એક અગાઉ એન.ડી.પી.એસ.ના અલગ અલગ કેશમાં પકડાયેલ મહીલા સહીત ૩ વિરૂધ્ધ એકજ માસમાં PIT NDPS એક્ટ હેઠળ અલગ અલગ દરખાસ્તો તૈયાર કરી મોકલતા પોલીસ મહાનિર્દેશક, સી.આઇ.ડી ક્રાઈમ દ્વારા આ કાયદાની કલમ રૂ હેઠળ અટકાયતમાં લેવા હુકમ કરેલ છે. અને ત્રણ અલગ અલગ વોરન્ટ ઇશ્યુ કરી નામચીન સુધાબેન સુનીલભાઈ ધામેલીયા, (રહે. સ્લમ કવાર્ટર, કવાર્ટર ને ૫૧૦ રૈયાધાર ૧૨ માળીયા રાજકોટ)ને સબ જેલ હિંમતનગર, સાબરકાંઠા ખાતે ચેતન ઉર્ફે મહાદેવ ભરતભાઈ સમેચા (રહે. નહેરૂનગર, શેરી નં ૪/૫ નો ખુણો માલધારી ચોક, ગોકુલ પાનના ગલ્લાની બાજુમાં રાજકોટ)ને જીલ્લા જેલ, પાલનપુર બનાસકાંઠા ખાતે અને અંકુર ઉર્ફે બાડો કીરીટભાઈ સંચાણીયા (રહે. પ્રજાપતિ સોસાયટી શેરી નં ૩/૬ નો ખૂણો કુળદેવી મકાન''ઓમનગર પાસે ૪૦ - ફુટ રોડ રાજકોટ) ખાસ જીલ્લા જેલ, મહેસાણા ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# વાંકાનેરના બામણબોર નજીક કોલ્ડ્રીંકસની આડમાં છુપાવેલો ૬૧ લાખનો દારૂ ઝડપાયો

### ટ્રક, ૧૧,૪૩૬ બિયરના ટીન, વિદેશી દારૂની ૪૮૯૬ બોટલ સહિત ૮૮.૧૧ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સની અટકાયત



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલ.સી.બી. દ્વારા વાંકાનેરના બામણબોર ટોલ પ્લાઝા પાસેથી ટ્રકમાં જીરા મસાલા કોલ્ડ્રીંકની આડમાં લાખોના દારૂ બિયરના જથ્થા સાથે બે શખ્સોને પકડી પાડવામાં આવ્યા છે જેમાં જથ્થો મોકલનાર પંજાબનો શખ્સ તેમજ મંગાવનાર એમ કુલ ચાર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ મોરબી એલ.સી.બી. દ્વારા બાતમીના આધારે વાંકાનેરના બામણબોર ટોલ પ્લાઝા પાસે એક ટ્રકને રોકી તેમાં તપાસ કરતા ટૂંકમાંથી જીરા મસાલા સોડા ના બોક્ષ ની નીચે ૧૧,૪૩૬ નંગ બીયર તેમજ ૪૮૯૬ બોટલ વિદેશી દારૂ મળી કુલ રૂપિયા ૬૧,૦૧,૦૪૦/- અને ટ્રેક ,મોબાઈલ કોલ્ડ્રીંક સહિત કુલ રૂપિયા ૮૮.૧૧ લાખમાં મુદામાલ સાથે ટૂંક ડ્રાઈવર નૌશાદ આબિદ તુર્ક (રહે.હિસામપુર મેનાખેર તાલ, બિલારી જિલ્લો. મુરાદાબાદ) તથા કુમારપાલ મહેશ યાદવ (રહે. નુગલા નાસુ, તા- બિલારી, જિલ્લો- મુરાદાબાદ) નામના બે શખ્સોને પકડી પડવામાં આવ્યા છે તેમજ આ દારૂ બિયરનો જથ્થો મોકલનાર પંજાબનો શખ્સ અને આ જથ્થો મંગાવનાર અજાણ્યા ઇસમને વોન્ટેડ જાહેર કરી ચારે વિરુદ્ધ પ્રોહી એક્ટમુજબ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

# સામાકાઠે હત્યા અને આર્મ્સ એક્ટના ગુનામાં સંડોવાયેલો શખ્સ દારૂના જથ્થા સાથે ઝડપાયો

### ૨૮૭ બોટલ દારૂ જપ્ત, ઈમિટેશનનો વેપારી મુંબઈથી દારૂ લાવ્યાનું ખુલ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે ગઢીયા નગરમાં ઈમીટેશનનો વેપારી અને અગાઉ હત્યાના ગુનામાં સંડોવાયેલ નામચીન શખ્સના ઘરે ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડ પાડી રૂા.૮૧૦૦૦નો ૨૮૭ બોટલ દારૂ ઝડપી પાડયો હતો. આ દારૂનો જથ્થો તે મુંબઈથી લાવ્યો હોવાનું કબુલ્યું હતું. ક્રાઈમ બ્રાંચે આ મામલે વધુ પુછપરછ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાંચના એએસઆઈ અમીતભાઈ અગ્રાવત, દિલીપભાઈ બોરીચા અને વિશાલભાઈ દવેને બાતમી મળી હતી કે શહેરનાં સંતકબીર રોડ પર ગઢીયાનગર શેરી નં.૧માં રહેતા ચિરાગ મીઠાભાઈ લીંબાસીયાના ઘરે દારૂનો જથ્થો છુપાવ્યો છે.

જેના આધારે ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી.ડોડીયા અને તેમની ટીમે દરોડો પાડયો હતો. ઈમીટેશનના વેપારી ચિરાગ મીઠાભાઈ લીંબાસીયાના ઘરેથી રૂા.૮૧૩૭૬ની કિંમતની ૨૮૭ બોટલ દારૂ મળી આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચે આ મામલે ચિરાગની પુછપરછ કરતાં તે મુંબઈથી આ દારૂનો જથ્થો વેચવા માટે લાવ્યો હતો. ચિરાગ અગાઉ પણ હત્યાના ગુનામાં તેમજ હથિયારના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. આ મામલે તેની રિમાન્ડ ઉપર વિશેષ પુછપરછ કરવામાં આવી છે.

# ૨૦૪ તાજિયા આજે પડમાં આવશેઃ અલગ-અલગ વિસ્તારમાં ઝુલુસ નીકળશે

### તાજિયાના ઝુલુસ માટે બે દિ ૧૮૮૯ પોલીસ તૈનાતઃ અનેક માર્ગો નો-પાર્કીંગ, ડાયવર્ટ જાહેરઃ ડ્રોન કેમેરાથી નજર રખાશે





**મુખ્ય સમાચાર, રાજકોટ**

કરબલાના શહીદોની યાદમાં માનવતા તહેવાર મહોરમમાં મુસ્લિમ સમાજ દ્વારા રાજકોટમાં અલગ અલગ વિસ્તારોમાં કલાત્મક તાજિયાનું નિર્માણ થયું છે. જેમાં પોલીસે ૧૮૭ અને ૧૫ ડુલડુલ સહિત ૨૦૪ તાજીયાની મંજુરી આપી છે. મોહરમ માસમાં મુસ્લિમ બિરાદરો આસ્થાભેર ખુદાની બંદગી કરી રહ્યા છે અને આવતીકાલે તાજિયા સાંજે પડમાં આવશે અને આશુરાનો દિવસ મનાવવામાં આવાશે. તાજીયાને લઈને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બે દિવસ સુધી શહેર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાના નિરીક્ષણ હેઠળ ૪ ડીસીપી તેમજ પોલીસ અને એસઆરપી સહીત ૧૮૮૯થી વધુ પોલીસ બંદોબસ્ત માટે તૈનાત રહેશે. તાજીયાના ઝુલુસમાં પોલીસ ડ્રોન કેમેરાથી સાથે સુરક્ષા વ્યવસ્થા જાળવશે તેમજ ક્રાઈમ બ્રાંચ, એસઓજી, પીસીબી અને પેરોલ ફર્લો સ્કોડ અને સ્ટ્રાઈકિંગ ફોર્સને ખાસ બંદોબસ્તની જવાબદારી સોપાઈ છે. આશુરાના દિવસ નિમિતે કાલે સાંજે તમામ તાજિયાઓ પડમાં આવી જશે અને રાત્રે પછી પોતપોતાના માતમમાંથી ઉઠીને નિયત મુજબના ફૂટ ઉપર આખી રાત ફરશે અને સવારે જે તે જગ્યાએ પરત આવી જઇ કાલે બપોર બાદ ફરી જુલૂસરૂપે ફરીને રાત્રીના ૧૨ વાગ્યે ઈમામખાનાઓમાં પહોંચીને વિસર્જિત થશે. અને રવિવારે સવારે તાજીયાનું ઝુલુસ નીકળશે ત્યારે જુલુસને લઈને પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા,જેસીપી મહેન્દ્ર બગડિયા ,ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી પૂજા યાદવ સુપરવિઝન હેઠળ ૮ એસીપી, ૧૫ પીઆઈ, ૪૬ પીએસઆઈ, ૫૪૬ હેડકોન્ટેબલ/કોન્સ્ટેબલ, મહિલા પોલીસ, ૨૦૦ એસઆરપી, હોમગાર્ડ અને ટીઆરબીના જવાનો મળી કુલ ૧૮૮૯ પોલીસ સ્ટાફ બંદોબસ્ત માટે તૈનાત રહેશે. તાજીયાના ઝુલુસમાં પોલીસ ડ્રોન કેમેરાથી સાથે સુરક્ષા વ્યવસ્થા જાળવશે. આવતીકાલે તા.૦૫/૦૭/૨૫ના સાંજે ૮ થી તા.૦૬/૦૭/૨૫ના સવારે ૫ સુધી તથા તા.૦૬/૦૭/૨૫ના બપોરના ૧૨ કલાક થી રાતે ૧૨ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે અને વાહનાની પાર્કીંગ માટે પ્રતિબંધીત કરવામાં આવે છે. તેમજ સદર બજારમાં જરૂરીયાત મુજબ વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

# રિક્ષા ચાલક પ્રૌઢ અને વૃધ્ધ બેભાન હાલતમાં ઢળી પડયા બાદ દમ તોડયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

હૃદય રોગનાં હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ હૃદય રોગનાં હુમલાથી અનેક જીંદગી ધબકારા ચુકી ગઈ હોવાની ઘટનાઓ રોજ બરોજ સામે આવી રહી છે ત્યારે શહેરમા વધુ બે જીંદગીનાં હાર્ટ ફેઈલ થયા હોવાની ઘટના સામે આવી છે જેમા વેલનાથપરામા રીક્ષા ચાલક અને દેવપરાનાં વૃધ્ધનુ હૃદય રોગનાં હુમલાથી મોત નીપજતા બંને પરીવ-ારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ શહેરમા મોરબી રોડ પર આવેલા વેલનાથપરામા રહેતા અને રીક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવતા મહેશભાઈ મગનભાઈ ગોહેલ નામનાં ૪૫ વર્ષનાં પ્રૌઢ સવારનાં નવેક વાગ્યાનાં અરસામા પોતાનાં ઘરે હતા. ત્યારે બેભાન હાલતમા ઢળી પડતા સારવ-ાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયા ફરજ પરનાં તબીબે જોઈ તપાસી પ્રૌઢનુ હૃદય રોગનાં હુલમાથી મોત નીપજયુ હોવાનુ જાહેર કરતા પરીવારમા ગમગીની છ્વાઈ જવા પામી હતી. મૃતક બે ભાઈ ૧ બહેનમા નાના હતા. અને તેમને સંતાનમા બે પુત્ર અને એક પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. આ ઉપરાંત બીજા બનાવમા દેવપરા વિસ્તારમા રહેતા શામજીભાઈ કાનજીભાઈ મકવાણા (ઉ.વ. ૭૦) રાત્રીનાં અગ્યારેક વાગ્યાનાં અરસામા પોતાનાં ઘરે હતા. ત્યારે હૃદય રોગનો હુમલો આવતા બેભાન હાલતમા ઢળી પડયા હતા. વૃધ્ધને સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા. જયા તેમનુ મોત નીપજતા પરીવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો. મૃતકને સંતાનમા ૪ પુત્ર હોવાનુ જાણવા મળ્યુ છે ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે વધુ પાસ હાથ ધરી છે

# બજરગવાડીના વેપારીની કાર બે ગઠિયા ભાડે લઈ ગયા બાદ થયા છુમંતર

### વેપારીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા બંને શખ્સની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બજરગવાડીના વેપારીની ૧૦ લાખની સ્કોર્પિયો બે ગઠિયા ભાડે લઈ ગયા બાદ પરત ના આવતા અંતે વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.વધુ વિગતો મુજબ,મોરબી રોડ પર રાધા મીરા પાર્કમાં રહેતાં ભાવેશભાઈ અમરશીભાઈ સોખડ (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પરેશ અરજણ વાઢેર અને સાગર ખાના પરમાર નામના શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ બજરંગવાડી પોલીસ ચોકી સામે આઈ-મોગલ કાર રેન્ટ નામની ઓફીસ ચલાવે છે. તેઓ ભાગીદારમાં અલગ અલગ ગાડીઓ ભાડેથી આપે છે. ગઈ તા. ૨૯ ના બપોરના ત્રણ વાગ્યાની આસપાસ પરેશ વાઢેરનો આવ્યો અને કહ્યું કે મારે સ્કોર્પીયો ગાડી ભાડે જોઇએ છે એમ વાત કરતા અમારે આ સ્કોર્પીઓ ગાડી એક દિવસ ભાડે આપવાની જરૂરી વાતચીત કરી ભાડા પેટે કુલ ૧૦૦૦ રુસ્રપિયા આપવાનુ નક્કી થયુ અને પરેશે તેના વોટ્સ-એપ નંબર પરથી તેને તેના ડોક્યુમે-ટ આધાર-કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સના ફોટા મોકલ્યા બાદ ડીલ નક્કી થઈ અને ત્યારબાદ તેણે કહ્યુ કે, હુ ગાડી લેવા આવુ છુ.ત્યારબાદ તે ગાડી લેવા ન આવતા તેને ફોન કર્યો, અને ફોનમાં પરેશે મને કહ્યુ કે હુ એસ્ટ્રોન ચોક છુ થોડી વારમા આવુ છુ તેથી મે તેને કહ્યુ કે હુ એસ્ટ્રોન ચોક બાજુ આવુ છુ અને ગાડી ત્યા તમને આપી દઉં તેમ વાત થતા સ્કોર્પિયો લઈને એસ્ટ્રોન ચોક ખાતે ગયો અને ત્યા આ પરેશભાઈ વાઢેર અને સાગર ખાના પરમાર હતા.

આથી તેમના ડોક્યુમેન્ટ લીધા અને જોઈ તપાસી તેના ફોટા પાડી તેમને પાછા આપી દીધા ત્યારબાદ સાગર પરમારે જણાવેલ કે તમને આ ગાડી કાલે પાછી આપી દઈશુ અને ગાડી ભાડા પેટે રુપિયા ૬,૦૦૦ રોકડા તે લોકોએ આપેલ અને તા. ૩૦/૦૬ના રોજ ગાડી પાછી આવી જશે એમ નક્કી થયુ હતું.ત્યારબાદ આ બન્ને લોકો સ્કોર્પીઓ ગાડી લઈને ત્યાથી જતા રહેલ. ત્યારબાદ તા. ૩૦/૦૬ના બપોરના સમયે આ ગાડી ભાડે આપવાના એગ્રીમેન્ટનો સમય પૂરો થતા પરેશ વાઢેરને ફોન કરતા તેઓ મને કહ્યું કે રાતે આઠ વાગ્યે ગાડી પાછી દઉં ત્યારબાદ આ પરેશને અવાર નવાર ફોન કરતા તે મને વાયદા આપતો રહ્યો અને ગાડી પાછી આપી નહીં ત્યારબાદ તેણે ફોન સ્વીચ કરી નાખેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં સોની વેપારીનું ૫.૮૬ લાખનું સોનું લઈને બંગાળી કારીગર ફરાર

### અવારનવાર ફોન કરવા છતાં સોનું પરત નહિ આપતા શખ્સ વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ એક વખત બંગાળી કારીગર દાગીના બનાવવા આપેલું રૂ.૫.૮૬ લાખનું સોની વેપારીનું સોનુ લઇ પરત ન આપતા વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ હતી.આ મામલે આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

આ અંગેની વિગતો મુજબ, રાજકોટ શહેરના હથિખાનામાં રહેતા સોની વેપારી જીજ્ઞેશભાઈ દામોદરભાઈ પાટડીયાએ ફરિયાદમાં જહાગીર આલમ અકશેદ આલમ શેખ(રહે.ભગવતીપરા સુખસાગર હોલ પાસે) સામે વિશ્વાસઘાત અંગે ફરિયાદ નોંધાવી છે.વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું સોની બજાર બોઘાણી શેરી મધુવન ચેમ્બર્સમાં ઓફિસ નંબર-૧૦૯ માં ઓમ ટચ લેબ-ઓમ ચેઇન નામની દુકાન છેલ્લા બાવીસ વર્ષથી હુ ચલાવુ છુ અને સોનીકામ કરુછુ અને અમારી ચેમ્બરમા આવેલ ટચની ઓફિસ છેલ્લા પાચેક વર્ષથી અવાર નવાર આ જહાગીરભાઈ આલમ અકશેદ શેખ ટચ કઢાવવા આવતા હોય જેથી તેમને હુ છેલ્લા પાચેક વર્ષથી ઓળખુ છુ અને તેઓ અમારી દુકાને દાગીનાની અલગ અલગ પેટર્ન બતાવવા આવતા હતા.

ગઇ તા.૧૭/૦૩ ના રોજ હુ મધુવન ચેમ્બર્સમા દુકાન નં-૧૦૯ મા હતો ત્યારે મારી પાસે જહાગીર આલમ અકશેદ આલમ શેખ એવેલ અને મને જણાવેલ કે તમે મને દાગીના બનાવવા માટે કામ આપો જેથી મે તેમને ૬૦.૪૩૨ ગ્રામ ૨૪ કેરેટ ગોલ્ડ વાઉચરથી તેમની સહિ લઇ અને આપેલ હતુ.જેની કિંમત રૂ. ૫,૮૬,૧૯૦/- જેટલી થાય અને તેમણે મને જણાવેલ કે હુ તમોને ચેઇન ડોકીયાની તમોએ આપેલ ડિઝાઇન મુજબ ૧૦ દિવસમાં આપી દઇશ તેમ જણાવી અને મારી દુકાનેથી જણાવ્યા મુજબનુ સોનુ લઈ અને દાગીના બનાવવા માટે લઇ ગયો હતા અને ત્યારબાદ મે તેમને દશેક દિવસ બાદ કોલ કરતા તેમના ભાણેજ રફિક ભાઇએ ફોન ઉપાડેલ અને કહ્યું કે મારા જહાગીર મામાને છાતીમા દુખાવો થતા તેમને દવાખાને દાખલ કર્યા છે. તમોને ત્રણ ચાર દિવસ બાદ તમારા દાગીના બનાવી અને પરત આપી જશે તેઓ સોનુ પરત આપતા ના હોય જેથી આ જહાંગીર વિરુદ્ધ વિશ્વાસઘાત અંગે ફરિયાદ નોંધાવી હતી.

# પ્રેમિકા સાથે સબંધ હોવાની શંકાએ યુવાન પર પ્રેમી સહિત ચાર શખ્સનો છરી વડે હુમલો

### તું મારી પ્રેમીકા પાસે રાખડી બંધાવી ફોટો મોકલ કહીં માર માર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટ્રેકટર ચોક પાસે તું મારી પ્રેમીકા પાસે રાખડી બંધાવી ફોટો મોકલ કહીં યુવાન પર ચાર શખ્સોએ છરીથી હુમલો કરતાં થોરાળા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ભાવનગર રોડ પર ચુનારાવાડમાં રહેતાં પરાગભાઈ વિજયભાઈ ભાવળીયા (ઉવ-૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બાલી ઓડ (રહે.ભવાનીનગરના કાંઠે), પ્રેમ ગોહિલ (રહે. મોરબી) અને સાહિલ ઉર્ફે ભેંસ (રહે.ભવાનીનગરના કાંઠે) અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં થોરાળા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે તેમના મોટાભાઈ સુનિલભાઈ સાથે રહે છે અને મજુરીકામ કરી ગુજરાન ચલાવે છે. ગઈ તા.૧૫ ના રાત્રીના આશરે અગિયારેક વાગ્યાની આસપાસ તે ટ્રેક્ટર ચોક પાસે આવેલ સુલભ શૌચાલયની બાજુમા ઉભો હતો તે દરમ્યાન બાલી ઓડ, પ્રેમ ગોહીલ, સોહીલ ઉર્ફે ભેશ અને એક અજાણ્યો શખ્સ મળી ધસી આવેલ અને બાલી ઓડે બોલાવીને કહેલ કે, તુ નીતાબેન ટાંક સાથે શા માટે વાત કરે છે, તારે તેની સાથે વાત કરવાની નહીં અને કાંઈ સંબંધ પણ રાખવાનો નહીં જેથી તેને કહેલ કે, હવે પછી હું તેની સાથે નહી બોલુ અને તેની સાથે કાઈ સંબંધ પણ નહીં રાખુ આટલુ કહેતા બાલી ઓડે કહેલ કે, તુ તેની પાસે રાખડી બંધાવી લે તો જ હુ માનુ. જે બાબતે ફરીયાદીએ કહેલ કે, હું તેની પાસે રાખડી નહી બંધાવુ આટલુ કહેતા આરોપી ઉશ્કેરાય ગયેલ અને ગાળો આપી ચારેય શખ્સો ઢીકા-પાટુનો મુંઢ-માર મારવા લાગેલ હતા અને નેફામાથી છરી કાઢી પાછળ બેઠકના ભાગે છરીના બે ઘા ઝીંકી પેટના એક ઘા મારેલ હતો. જેથી તે નિચે પડી ગયેલ અને શરીરે ઈજા થયેલ હતી અને લોહિ નિકળવા લાગતાં દેકારો કર્યો હતો. દરમિયાન લોકો દોડી આવતાં આરોપી નાસી છૂટયા હતાં. જે બાદ તેમને સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# આંબેડકરનગરમાં નસેડી મિત્રોનો દારૂના નશામાં મિત્ર ઉપર જ છરી વડે હુમલો

### યુવકને મોઢા ઉપર છરી લાગી જતા સારવારમાં ખસેડાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર આવેલા આંબેડકરનગરમાં યુવાન ઉપર દારૂના નશામાં તેના મિત્રોએ છરી વડે હુમલો કરી મારમારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જાણવા મળતી વિગત મુજબ ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નં.૫માં રહેતો મીતેષ જેઠાભાઈ દાપડા (ઉ.વ.૩૫)નામનો યુવાન સવારે ઘર પાસે હતો ત્યારે તેના મિત્રો સુલતાન અને નીલેશે કોઇ કારણસર ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો જેમાં તેનો મોઢા ઉપર હોઠના ભાગે છરી લાગી જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં મિતેષ બેનર લગાડવાનુ કામ કરે છે. આરોપી તેના મિત્રો જ હોય અને દારૂ પી ગયા હોવાથી ઝઘડો કરી હુમલો કર્યાનું જાણવા મળ્યું છે. આ અંગે માલવીયાનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ચોટીલા પાસે SMCએ રૂ.૧.૧૯ કરોડનો વિદેશી દારૂ ઝડપી લેતા PI સહિત પાંચ કર્મચારી સસ્પેન્ડ

**સ્થાનિક પોલીસને અંધારા રાખી નાગરાજ હોટલ પાછળ દરોડો, અંધારાનો લાભ લઈ બુટલેગર અને સાગ્રીતો નાસી છૂટયા**

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલા રાજકોટ હાઈવે ઉપર આવેલ નાગરાજ હોટલ પાછળ સ્થાનિક પોલીસને અંધારામાં રાખી એસએમસીની ટીમે ઈંગ્લીશ દારૂના કટીંગ ઉપર દરોડો પાડી જુદી જુદી બાન્ડની ૮૫૯૬ બોટલ સાથે એક પીક બોલેરો મળી ૧.૨૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ સામે ગુનો દાખલ કરાવી તપાસ હાથ ધરી છે.દરોડાના પગલે પીઆઈ સહિત ડી સ્ટાફના પાંચ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરવામા આવ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા પંથકમાં એસએમસી ની ટીમે ચોક્કસ હકીકતના આધારે રાજકોટ હાઈવે ઉપર ખેરડી ગામની સીમમાં આવેલ નાગરાજ હોટલની પાછળ વાડી વિસ્તારમાં જતા કાચા રસ્તે પડતર જગ્યા ઉપર દરોડો પાડતા નાસભાગ મચેલ અને અંધારામાં આરોપી દીલીપભાઈ ઉર્ફે દીલો બાવકુભાઇ ધાંધલ રે. નાની મોલડી તથા તેના મળતીયાઓ નાસી છુટવામા સફળ રહ્યાં હતા.

દરોડામાં આરોપી બુટલેગરે બહારથી ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવી ખેરડી ગામની સીમમાં માણસો રાખી દારૂનું કટીંગ કરાવવા સારૂ લઈ આવી દારૂનું કટીંગ કરાવી, અલગ અલગ ઈંગ્લીશ દારૂના ધંધાર્થીઓને દારૂ પહોંચાડવા ઈંગ્લીશ દારૂના ચાલતા નેટવર્કનો પર્દાફાશ કરી અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ ૮૫૯૬ રૂ. ૧,૧૯,૧૦,૦૦૦ તેમજ એક બોલેરો પીકઅપમળી કુલ રૂ.૧,૨૬,૧૦,૦૦૦ નો મુદ્દામાલ પકડી પાડયો હતો

એ ખેરડી ગામની સીમમાં દરોડાની કાર્યવાહી કરીને સવા કરોડ જેટલી રકમનો ઇંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડતા જિલ્લા પોલીસવડા ગીરીશ પંડયાએ ચોટીલા પોલીસ મથકના જવાબદાર પીઆઈ આઈ.બી. વલવી તથા ડી સ્ટાફના એચસી છગનભાઈ માયાભાઈ ગમારા, પીસી હિતેશભાઈ ગોરધનભાઈ, પીસી ભરતભાઈ રણુભાઈ, પીસી રવિરાજ મેરૂભાઈ ખાચર અને પીસી હરેશભાઈ શાંતુભાઈ ખવડ સામે સસ્પેન્સનનાં પગલા ભરીઆકરા પગલા ભર્યા છે.

ઈંગ્લીશ દારૂનું વેચાણ રાજયમાં પ્રતિબંધિત હોવા છતા વેચાણનું કાવતરુ રચી, પ્રતિબંધીતની વેચાણ પ્રવૃત્તિઓ સતત ચાલુ રાખનાર મુખ્ય બુટલેગર અને તેના મળતિયાઓ તેમજ દારૂ કટીંગ માટે બોલેરો આપનાર માલિક અને ચાલક, જથ્થો મોકલનાર અજાણ્યો ઇસમ, જથ્થો એક બીજા વાહનમાં હેરફેર કરનાર અજાણ્યા નાસી જનાર પાંચથી સાત મજુરો સહિતના વિરૂધ્ધ ચોટીલા પોલીસમાં ગુનો દાખલ કરાવી પકડાયેલ મુદ્દામાલ જમા કરાવેલ હતો.

# વાંકાનેરના જાંબુડીયા નજીકથી માટીની આડમાં છુપાવેલો વિદેશી દારૂ ઝડપાયો

### ૮૧૬ બોટલ, માટી સહિત રૂ.૨૯.૩૪ લાખના મુદામાલ સાથે બે શખ્સની અટકાયત



**મુખ્ય સમાચાર, વાંકાનેર**

મોરબી એલસીબી ટીમ દ્વારા વાંકાનેર તાલુકાના ભાયાતી જાંબુડીયા ગામના બોર્ડ નજીક શક્તિરાજ હોટલના ગ્રાઉન્ડમાં ઉભેલ એક ટ્રકમાં માટીની આડમાં છુપાવેલ ઈંગ્લીશ દારૂની ૮૧૬ બોટલ સાથે ટ્રક ચાલક સહિત બે ઇસમોની અટકાયત કરવામાં આવી છે,કુલ રૂપિયા ૨૯.૩૪ લાખનો મુદ્દામાલ કબજે કરી બે ઈસમોના નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ મોરબી એલસીબી તથા પેરોલ વોડ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે વાંકાનેર તાલુકાના ભાયાતી જાંબુડીયા ગામના પાટીયા નજીક આવેલ શક્તિરાજ હોટલના ગ્રાઉન્ડમાંથી એક ટ્રક રજી.નં. આરજે-૩૬-જીએ-૯૫૨૨ તલાસી લેતા તેમાં માટીની આડમાં ઈંગ્લીશ દારૂની મેકડોવેલ્સ વ્હિસ્કીની ૮૧૬ નંગ બોટલ કિ.રૂ. ૮, ૯૭,૬૦૦/- મળી આવી હતી, આ સાથે પોલીસે ટ્રક ચાલક આરોપી રવીજીતસિંગ રૂપસિંગ રાવત(ઉવ.૩૫) ટ્રક ક્લીનર અબ્દુલ શ્રવણસિંગ હરબુસિંગ મેરાત ઉવ.રૂપ બન્ને રહૌસલા ગામ થાણા સાકેતનગર તા.જી.બ્યાવર રાજસ્થાન)વાળાની અટક કરી હતી. પકડાયેલ આરોપીઓની પૂછતાછમાં માલ મોકલનાર રાહુલસિંગ ઉર્ફે ડેની રાવત રહે.જવાજા તા.જી. બ્યાવર રાજસ્થાન તેમજ માલ મંગાવનાર આરોપી ઉદયભાઈ જોરૂભાઈ કરપડા રહે. મહેન્દ્રનગર આઈટીઆઈ સામે મોરબી-૨ વાળાના નામની કબુલાત આપી હતી, જેથી પોલીસે તે બંને આરોપીઓને ફરાર જાહેર કર્યા છે. આ સાથે પોલીસે ટ્રક ટ્રેઈલર કિ.રૂ.૨૦ લાખ, ટ્રકમાં લોડેડ ૪૨ ટન માટી કિ.રૂ. ૨૧,૬૦૪/-, ૩ નંગ મોબાઈલ કિ.રૂ.૧૫ હજાર તથા વિદેશી દારૂની ૮૧૬ બોટલ કિ.રૂ.૮,૯૭,૬૦૦/- સહિત કુલ રૂ.૨૯,૩૪,૨૦૪/-નો મુદ્દામાલ કબ્જે લઈને ચારેય આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# યુવાન પાસેથી વિવિધ બેંક ખાતામાં ગઠીયાઓએ ૧૩.30 લાખ ટ્રાન્સફર કરાવી આચરી ઠગાઈ

### ફોરેક્ષ ટ્રેડીંગમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાના બહાને અજાણી વેબસાઈટ પર ખાતુ ખોલાવી, સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી બેંક ખાતા આધારે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર રહેતા યુવાને ફોરેક્ષ ટ્રેડિંગમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાના બહાને અજાણી વેબસાઈટ પર એકાઉન્ટ ખોલાવી વિવિધ બેંક ખાતામાં ૧૩.૩૦ લાખ ટ્રાન્સફર કરાવી બાદ બહાના બનાવી પૈસા પરત ન કરી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શીવધામ સોસાયટી શેરી નં ૨માં રહેતા અને એડવર્ટાઈઝીંગનું ઓનલાઈન-ઓફલાઈન કામ કરતા રવિ જગદીશભાઈ વીરપરિયાએ સાયબર ક્રાઈમ પોલીસમાં ટોપલેન એન્ટરપ્રાઈઝના બેંક નં ૧૦૨૦૫૫૧૨૪૪૬, જેનીથ લોજીસ્ટીકના બંધન બેંક એકાઉન્ટ નં ૨૦૧૦૦૦૩૭૦૭૫૪૩૦, બીબી અને સન્સ બંધન બેંક નં ૨૦૧૦૦૦૩૭૨૫૫૬૦૪, લકાસ એન્ટરપ્રાઈઝના બંધન બેંક નં ૨૦૧૦૦૦૩૧૭૭૪૩૨૧ તથા તપાસમાં ખુલે તે તમામ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ના ફેબ્રુઆરી માસમાં મે બમ્પી નામની સોશ્યલ ડેટીંગ એપ્લીકેશન પર એકાઉન્ટ બનાવી એપ વાપરવાનું શરૂ કર્યુ ત્યારે સજેશનમાં શ્રુતી શર્મા કરીને એક એકાઉન્ટ સજેશનમાં આવતા મે તેને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલેલ હતી બાદ ઓનલાઈન મિત્ર બનેલા ત્યારે એકબીજાના બેગ્રાઉન્ડ જાણી વાત આગળ વધતા અમે બન્ને નજીક આવેલ અને મારી પરિસ્થીતી ખરાબ છે પૈસાની જરૂરીયાત હોવાની વાતચીત કરતા તેણે ફોરેક્ષ ટ્રેડીંગ કરો તેમાં સારૂ સારૂ રિટર્ન મળશે તેમ વાત કરી એપ્લિકેશનના મેસેજમાં ટેલીગ્રામની લીન્ક મોકલેલ બાદ નામની સાઈટમાં મારૂ એકાઉન્ટ બનાવી આપેલ હતું.બાદ તેમાં ટ્રેડ કરવા વિવિધ બેંક એકાઉન્ટમાં રૂ.૧૩.૩૦ લાખ ટ્રાન્સફર કરાવી કોઈ વળતર કે મૂળ રકમ પરત ન આપી બહાના બનાવી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે બેંક ખાતા આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલીતાણાના વાળુકડ ગામે ત્રણ લોકો પર કુતરાનો હુમલો, બાળકનું મોત



### બે ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયાઃ તંત્ર સામે લોકો માં રોષ

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર જિલ્લાના પાલીતાણાના વાળુકડ ગામે રખડતા શ્વાને આતંક મચાવ્યો હતો જેમાં ત્રણ લોકો પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને એક બાળકનું મોત નીપજવા પામ્યું હતું.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના પાલીતાણા વાળુકડ ગામે વાડી વિસ્તારમાં ખેત મજૂર પર રખડતા શ્વાને હુમલો કર્યો હતો જેમાં એક મહિલા અને બે નાના બાળકો પર શ્વાને હુમલો કર્યો હતો હુમલામાં એક બાળક ખુશાલ મુકેશભાઈ રાઠોડ ઉ.વ. ૪ નું મોત નિપજ્યું છે. અને આશાબેન મુકેશભાઈ રાઠોડ, સ્મિત મુકેશભાઈ રાઠોડ ઉ.વ.રને ઈજાઓ પહોંચી છે. મૃતક બાળકને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો બનાવને પગલે પોલીસ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરાઈ હતી.

# જૂનાગઢમાં બિલ્ડરને ધમકાવીને ૭ લાખ રોકડા, ૩.૫૦ કરોડના ચેક લખાવી લીધા

### રાજકોટની પાર્ટીનો હવાલો આપીને પાંચ શખ્સો ઘરમાં ઘૂસી ગયા



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં ૭૬ વર્ષીય એક વૃધ્ધ બિલ્ડરના ઘરમાં ઘૂસીને માણાવદરની પાંચ શખ્સોની ટોળકીએ ધાક-ધમકીઓ આપીને મારકૂટ કરી સાત લાખ રોકડા અને ૩.૫૦ કરોડના ચેક લખાવી લીધાની ફરિયાદ પોલીસ દફ્તરે નોધાઈ છે. પોલીસે આ પાંચેય શખસો સામે ગૂનો નોંધી ધરપકડ કરી છે.

જૂનાગઢમાં જલારામ સોસાયટી પાસે ઈન્દ્રપ્રસ્થમાં રહેતા બિલ્ડર ભનુભાઈ જમનાદાસ સીતાપરા ઉ.૭૬ ગત તા.૨૮ જુનના રોજ પોતાના ઘરમાં એકલા હતા, ત્યારે સાંજના ૭.૩૦ કલાકે અચાનક આરીફ સેતા (માણાવદર, કતકપરા), કૈલાસ બાટવીયા, ગોપાલ ડાંગર, પ્રકાશ ઉર્ફે પકોડી તન્ના અને ઈમરાન સેતા નામના પાંચ શખ્સો ઘરમાં ઘુસી આવ્યા અને ભનુભાઈને ધક્કો મારીને પછાડી દરવાજો બંધ કરી દીધો હતો. અને કહ્યું કે, રાજકોટના ચંદ્રેશભાઈ પટેલની લેતી-દેતીનો હવાલો અમોએ રાખ્યો છે.

જેથી લાકડી વડે માર મારીને મારી નાખવાની ધમકી આપીને ભનુભાઈ પાસેથી સાત લાખ રોકડા અને ૩.૫૦ કરોડના કુલ ત્રણ ચેક મેળવી તેમાં સહી કરાવીને ભાગી ગયાની ફરિયાદ બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં નોધવામાં આવી છે.

જેમાં જણાવ્યું છે કે, ભનુભાઈ જૂનાગઢમાં ગણેશ બિલ્ડર્સ નામે બાંધકામનો વ્યવસાય કરતા હતા. તે અરસામાં મુંબઈ મુકામે રાજકોટના ચંદ્રેશ પટેલ સાથે મુલાકાત થયેલ હતી અને અગાઉ સુરત ખાતેના અમુક બ્લોક વેચાણના મામલે તેની સાથે લેવડ-દેવદ થયેલ જેમાં ૧.૪૫ કરોડ રૂપિયા આપી દીધા છતાં, વધુ રકમ માટે તા.૨૮ જુનના રોજ પાંચ શખ્સોએ ઘરમાં ઘુસી આવીને પૈસા પડાવી નાસી ગયાની ફરિયાદ કરવામાં આવી છે, પોલીસે પાંચયે સામે ગુન્હો દાખલ કરી ધરપકડ કરી છે.

# શાપરમાં દેશી દારૂમાં એસિડ ભેળવીને નશો કરનાર બે મિત્રોના મોત

### વધુ નશો કરવા માટે એસિડ ભેળવતા ઘાતક પરિણામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં મોડી રાત્રીના બે મિત્રોએ દેશી દારૂમાં એસિડ પી લેતાં બન્નેની હાલત બગડતા તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ. માંખસેડાયા હતા.જયાં ટુંકી સારવાર દરમ્યાન બન્નેએ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતાં બનાવ અંગે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ શાપરમાં રહેતાં વિશાલ રાજુભાઈ પરમાર ઉ.૧૮ અને તેના મિત્ર યુવરાજ ગુલાબભાઈ રાઠોડ ઉ.૧૯એ રાત્રીના સાડા નવેક વાગ્યા આસપાસ પિતૃકૃપા હોટેલ નજીક દેશીદારૂમાં એસિડ ભેળવી પી લેતાં તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડાયા હતા. બનાવના પગલે હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી શાપર પોલીસને જાણ કરતા એએસઆઈ મુકેશ ડાભી સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા યુવરાજ સવારે બેભાન હાલતમાં હતો. જયારે તેનો મિત્ર વિશાલ સવારે ભાનમાં આવ્યા બાદ પોલીસે પુછપરછ કરતાં તેણે કહ્યું કે પોતે દેશી દારૂ પીતો હોઈ ગતરાત્રીના પોટલી લીધી હતી.બાદ વધુ નશો કરવા માટે તેમાં એસિડ ભેળવવાનું નકકી કરી કરિયાણાની દુકાનેથી એસિડની બોટલ ખરીદી મિત્ર યુવરાજ પાસે જઈ તેને પીવાનું કહેતા યુવરાજે દારૂ નથી પીતો કહી

ઈન્કાર કર્યો હતો.બાદ વિશાલને પીતા જોતા યુવરાજે પણ દારૂ ગટગટાવ્યો હતો.તેમજ દેશી દારૂમાં એસિડની અડધી બોટલ ભેળવી દીધાનું યુવકે રટણ કર્યું હતું. બાદ યુવરાજની હાલત બગડતા તે તરફડીયા મારી તેના મામાને ફોન કરી પોતે હોટેલ પાસેના પટમાં છે. હોસ્પિ.માં લઈ જવા તેવી બૂમો ફોનમાં પાડતાં પરિવારજનો દોડી જઈ બન્ને યુવકોને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડયા હતા.જયાં બન્નેએ ટૂંકી સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. પ્રાથમિક તપાસમાં યુવરાજ બે ભાઈ અને બે બહેનમાં નાનો છે. ચાની હોટેલમાં નોકરી કરે છે. જયારે વિશાલ બે ભાઈ અને બે બહેનમાં વચેટ છે. અને ડ્રાઈવીંગ કામ કરે છે. હાલ પોલીસે તપાસ યથાવત રાખી છે.

સિવીલ હોસ્પિટલના મેડીસિન વિભાગના નિષ્ણાંત ડો.રાહુલ ગંભીરના જણાવ્યા મુજબ એસિડ પીને આવતા દર્દીઓના કિસ્સામાં તેમના શરીરમાં હૃદય અને જઠર જેવા અંગો ફાટી જતા હોય છે. જેના ગંભીર પરિણામ સ્વરૂપે દર્દીનું મૃત્યુ પણ થતુ હોય છે. પરંતુ દારૂ અને એસિડ ભેળવી પીધા બાદ જે બે યુવાનોના મોત થયા તે બંનેએ કઈ બીજુ મિક્સ કર્યુ હતું કે કેમ અથવા તો ભેળસેળ કરવાથી તેમના શરીરના ક્યા ભાગમાં વધુ નુકસાન થયુ છે તે પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ખ્યાલ આવી શકે તેમ પોલીસે જણાવ્યું હતું

# અમરેલી સિવિલમાં ત્રણ યુવાનને કાર નિચે કચડવાના પ્રયાસમાં એકની ધરપકડ

### સીસીટીવીના આધારે નંબર મેળવી પોલીસ દ્વારા શખ્સની અટકાયત કરાઈ



**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલી ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં થોડા દિવસ પહેલાં ત્રણ લોકોને કચડીને મારી નાંખવામાં ઈરાદે બેફામ કાર ચલાવી કાર માથે ચડાવી દેવાની કોશિષ કરવામાં આવેલ હતી. આ બનાવમાં અજાણ્યા ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધતા પોલીસે સીસીટીવીના ફુટેજ તથા કારના નંબર મેળવી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બનાવમાં પોલીસે એક ઈસમની અટકાયત કરેલ છે.

આ બનાવમાં સાવરકુંડલા ગામે આવેલ હાથસણી રોડ ખોડીયાર નગર પાણીના ટાંકાની સામે આસોપાલવ સોસાયટીની સામે રહેતા અજયભાઈ ખોડીદાસભાઈ ચૌહાણ નામના વકીલના કાકા રવીભાઈને અગાઉ સાવરકુંડલા ખાતે થયેલ મારા-મારીના બનાવના અનુસંધાને રવિભાઈ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં હતા. ત્યારે તા.૩૦ના રોજ રાત્રીના સમયે આ વકીલ તથા તેમના મિત્ર હિતેષકુમાર પ્રતાપરાય ગેલાતર તથા સ્વીભાઈ સહિત ત્રણેય સાથે સિવિલ હોસ્પિટલની કેન્ટીન તરફ ચા પીવા માટે થઈ ચાલીને જતાં હતા. ત્યારે આ રવિભાઈને અગાઉ સાવરકુંડલા ગામે થયેલ માથાકૂટના બનાવમાં સામાવાળા પૈકીના કોઈ અજાણ્યા શખ્સે પાછળથી કાર નં.ત્રઉં-૧૨-ઉઅ-૨૫૬૫ ના ચાલકે આ વકીલ સહિત ત્રણેયને જાનથી મારી નાખવાના ઈરાદે ફોરવ્હીલ પુરઝડપે ચલાવી ત્રણેયને હડફેટે લેતાં વકીલને માથાના ભાગે, દાઢી, ડાબા નેણ ઉપર ઈજા કરી તેમજ હિતેષભાઈને ડૉ.પાવા માથાના ભાગે તથા શરીરે મુંઢ ઈજાઓ કરેલ હતી. અને ફરીવ-ાર આરોપી કાર ચાલકે આ વકીલ સહિતના ત્રણેય ઉપર ફોરવ્હીલ ચડાવી દેવાના ઈરાદે પુર ઝડપે રિર્વસ લઈ ફરીવખત પ્રયાસ કર્યો હતો. અને આ કારના ચાલકે સિવિલ હોસ્પિટલ ખાતે પડેલ બે બોલેરો વાહનોમાં નુકશાન કરેલ હતું. લોકો એકઠા થઈ જતાં અજાણ્યો કાર ચાલક નાશી ગયો હતો. આ બનાવમાં જે તે સમયે વકીલે અજાણ્યા કાર ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ બનાવના સીસીટીવી ફુટેજ મેળવી કાર ચાલકને ઝડપી લેવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી. જે બનાવમાં અમરેલી પોલીસે અમરેલી સિવિલ હોસ્પિટલમાં આવેલ સીસીટીવી ફટેજ તપાસી કાર ચાલક દ્વારા પૂર્વ આયોજિત કાવતરું રચીને ત્રણેય યુવકોને મારી નાંખવાના ઈરાદે કાર ચડાવીને દેવાનો ઈરાદો સ્પષ્ટ થઈ જતાં આવતાં પોલીસે જણાતા પોલીસે સીસીટીવી તથા કાર નંબરના આધારે તપાસ હાથ ધરી આ કાર ચાલકને ઝડપી પાડવા અમરેલી પોલીસે કમર કસી હતી. ત્યારે અમરેલી એસ.ઓ.જી.એ ધારીના ચલાલા તાલુકાના ગરમલી ગામેથી આરોપી કાર ચાલક જયસુખ ખેતરીયા ઝડપી લઇ અમરેલી સીટી પોલીસને હવાલે આગળની કાર્યવાહી માટે સોંપી આપેલ છે. જે અંગે અમરેલીના ઈનચાર્જ ડીવાયએસપી જયવીર ગઢવીએ જણાવ્યું હતું કે, આરોપી જયસુખ ખેતરીયા સામે અગાઉ પણ ત્રણ ગુન્હા નોંધાયેલા છે. અને વીજળીનું કનેક્શન પણ ગેરકાયદેસર હોવાથી તેમની સામે દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ટંકારા પાસે બે બોલેરો વચ્ચે અકસ્માતઃ યુવાનનું મોત

### ઘૂંટુ ગામના યુવાનનાં મોતથી બે દીકરીઓ પિતાવિહોણી બની



**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના સરાયા અને હીરાપર ગામ વચ્ચે બે બોલેરો ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો છે.

ઘૂંટુ ગામના હરિઓમ પાર્ક સોસાયટીના રહેવાસી અનિરુદ્ધભાઈ ડાયાભાઈ ઓડીયા (૪૦)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.અનિરુદ્ધભાઈ પોતાની બોલેરો ગાડી માં માલસામાન લઈને જામનગરથી ટંકારા થઈને પરત ફરી રહ્યા હતા. દરમિયાન ટંકારાથી જામનગર તરફ જતી બીજી બોલેરો ગાડીએ તેમની ગાડી સાથે ટક્કર મારી હતી.અકસ્માતમાં અનિરુદ્ધભાઈને માથા, જમણા હાથ, જમણા પગ અને સાથળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાઓના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. મૃતકની બે દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

મૃતકના ભાઈ વિનોદભાઈ ડાયાભાઈ ઓડિયા (૫૭)એ ટંકારા પોલીસ સ્ટેશનમાં અકસ્માત સર્જનાર બોલેરો ગાડીના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે.

# પૂર્વ પ્રેમીએ યુવતિના ન્યુડ ફોટો તેની માતાના વ્હોટ્સએપમાં મોકલી દેતા ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી ૨૩ વર્ષીય યુવતિને પૂર્વ પ્રેમીએ વ્હોટ્સએપમાં તેણીના ન્યુડ ફોટો મોકલી બળજબરી સંબંધ રાખવા ધાક-ધમકી આપી હોવાની સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે. જામનગર રોડ વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતિની માતાએ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૧૨/૪ના સદર બજાર વિસ્તારમાં આવેલી મારી દુકાને હતી ત્યારે મારા વ્હોટ્સએપમાં ૮૬૦૧૩૨૦૭૪૫થી મેસેજ આવ્યો હતો જે જોતા તેમાં લખ્યુ હતુ કે હાય બેબી મને ખબર છે કે વ્હોટ્સએપમાં મેસેજ કરવાની ના પાડી હતી.પણ મારૂ ઈન્સ્ટાગ્રામ ઓન નથી થાતું કાલે બોવ મજા આવી આપડા ફોટો એક ફેન્ડને બતાવીયા અને છોકરીનો ન્યુડ ફોટો મોકલેલ હતો. જેમાં ચેહરો મારી પુત્રીનો ઉપયોગ કરી ન્યુડ ફોટો વ્હોટ્સએપ કર્યો હોય જેથી સાયબર હેલ્પલાઈનમાં ફોન કરી જાણ કરેલ હતી. તપાસ દરમ્યાન મેસેજ તથા ફોટો મોકલનાર આરોપીમાં નાશીર સિદીકભાઈ લાખા હોય જેથી તેની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ક્ષત્રિય સમાજના અગ્રણી પી.ટી.જાડેજાને પાસા માં સાબરમતી જેલમાં ધકેલાયા

### અમરનાથ મંદિરમાં આરતી ન કરવા મુદ્દે સ્વયંસેવકોને ધમકી આપી હતી, તાલુકા પોલીસ મથક બહાર મોટી સંખ્યામાં સમર્થકોનો ટોળા ઉમટ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દોઢસોફુટ રીંગ રોડ પર બીગ બજાર પાછળના મંદિરે મહાઆરતીનું આયોજન કરાયું હોય તેના બેનરો મંદિર બહાર લગાવેલ હોય જેથી પી.ટી.જાડેજાએ મંદિરમાં આરતી ન કરવા સ્વયંમસેવકોને ધમકી આપી બેનરો લઈ લીધા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી નોંધ્યો હતો.દરમ્યાન સાંજે ૭ વાગ્યા આસપાસ પી.ટી.જાડેજાની પોલીસે તેના ઘરેથી અટકાયત કરી પોલીસ મથકે લાવવામાં આવતા મોટી સંખ્યામાં સમર્થકો ઉમટયા હતા.પરંતુ પોલીસ કમિશનરના આદેશ બાદ પાસા તળે સાબરમતી જેલમાં ધકેલી દેવાનો આદેશ કરતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

નવજયોતપાર્ક શેરી નં ૪માં રહેતા જસ્મીનભાઈ ભરતભાઈ મકવાણા નામના વેપારીએ તાલુકા પોલીસમાં પ્રવિણસિંહ ટપુભા જાડેજા (પી.ટી.જાડેજા) સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે બીગ બજાર પાછળ આવેલ અમરનાથ મંદિરમાં દર સોમવારે મહાઆરતીનું આયોજન થાય છે. ગત.તા.૨૧ના સોસાયટીના લોકો દ્વારા મંદિરમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવનાર હોય જે બાબતે મંદિર બહાર અમરનાથ યુવા ગ્રુપ દ્વારા આયોજીત મહાઆરતી લખેલુ એક બોર્ડ બેનર લગાડવામાં આવેલ હોય જેથી પી.ટી.એ મને ફોન કરી આરતી ન કરવા ધમકાવેલ હતો.બાદ રાત્રીના ફરિ ફોન કરી કહ્યું કે કાલે મંદિરમાં આરતી કરતા નહીં નહીંતર લોહીયાળ ક્રાંતિ થશે અને હું મંદિરમાં તાળુ મારી દઈશ અને તુ તો હવે મંદિરમાં આવતો જ નહીં તને તો હું જોઈ જ લઈશ અને તુ તો ગ્યો જ છે અને તલવાર લઈને ત્યાંજ બેસીસ કહી મંદીરમાં ન આવવા ધમકી આપેલ હતી.તેમજ મંદીર બહાર લગાડેલ બોર્ડ પણ પોતે



કાઢીને લઈ ગયેલ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.દરમ્યાન ગઈકાલ સાંજે પોલીસે પી.ટી.જાડેજાની અટકાયત કરવામાં આવતા મોટી સંખ્યામાં તેના સમર્થકો પોલીસ મથકે ઉમટયા હતા.પરંતુ સીપીના આદેશ બાદ તાલુકા પોલીસ મથકના પીઆઈ ધવલ હરિપરા અને ટીમે આરોપીને પાસા તળે સાબરમતી જેલમાં ધકેલી દીધો છે.